બુદ્ધિનો ઉપયોગ કરો. Reg.No. B. 3220




વાર્ષિક લવાજમ ૧-૮-૦ ] શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર [ વર્ષ ૧ લું અંક ૨૩ મો.
છુટક નકલ ૧ આનો. ] તંત્રીઃ મણીલાલ એમ. શાહ. [ શનીવાર તા. ૧-૧૨-૩૪

# ગાડરોત્પાદક કારખાનાં.

ગાડરીયા વૃત્તિ એ કુદરતી નથી અને એથી કંઈપણ કરતાં પ્હેલાં બાળકો કારણ જાણવા માંગે છે. જીજ્ઞાસા વૃત્તિ બાળકોમાં સભર ભરી હોય છે.

સંસ્થાનું નિયમન છે, પ્રતિરોજ પ્રત્યેક બાળકે મૂર્તિ પૂજવી સ્વભાવિક જીજ્ઞાસાથી બાળક મૂર્તિ પૂજવાના લાભ જાણવા ચાહે છે. મન મારીને ગાંભિર્યથી આપણે કહીએ 'એથી કલ્યાણ થાય.' જીજ્ઞાસા આગળ વધે, 'પૂજા ન કરીએ તો અકલ્યાણ થાય?' અને ઘણા બાળકો પૂજા કરવા માટે અખાડા કરે છે.

પ્રમાણિકતા પોકારે છે સ્પષ્ટ કહી દેવા આપુ! આ પૂજા તો તહમારે કેવળ સંસ્થા નિભાવનારાઓને રાજી રાખવાજ કરવાની છે. બાકી પ્રભુ તો એટલો દયાળુ છે કે પૂજા કરનાર અને નહિ કરનાર બન્નેપર અમાપ અમીધાર રેડતોજ રહે છે. એ તમામનું કલ્યાણજ કરે છે.'

જરાક ઉમ્મરે પ્હોંચેલા વિદ્યાર્થીઓ ફરજીઆત સામયીક અને ફરજીઆત પ્રતિક્રમણના કાનુનોપર બુદ્ધિના હથોડા ઠોકે છે—એટલા જોષપૂર્વક કે કાનુનની કડીઓ તૂટી જાય છે.

એ કહે છે 'આ રોજેરોજની ક્ષમાપના શી? રહીએ રહી પ્રતિદિન પશ્ચાતાપનાં સુત્રો શા સારૂ, જો બીજા દિવસે એજ આચરણ આચરેજ જવાના છીએ તો? પાપ કરવાના છીએ, કાલે અને જીવનાનંત કાળો સુધી, તો મનને છેતરવાના આ પ્રયત્નો શા કામના?' અને આંગુલી નિર્દેષી ધર્મી મનાતા માનવોની દંભની જવનિકા ચીરી એ યુવાનને સહજ એવી નિડર સ્પષ્ટતાથી સાચું જીવન બતાવે છે.

પશ્ચાતાપમાં એને શ્રધ્ધા નથી એમ નથી પરંતુ એ માને છે કે પશ્ચાતાપ થયા વિના—પાપ આચરવાની પૂરી તૈયારી સાથે—પુણ્યાત્મા બની બેસવું એમાં અધમતાની અવધી છે. અને એની વાત બરાબર લાગે છે.

રહીમાં પાડી દઇને, વિચારદ્વાર બંધ કરી દઇને, 'સહમજો ન સહમજો પરંતુ તહમારે પ્રતિમા પૂજવીજ જોઇશે, તહમારે સામયીક પ્રતિક્રમણાદિ કરવાંજ રહેશે.' એ પ્રકારની જડ શૃંખલા હવે તૂટવીજ જોઇશે.

હું તો જોઇ રહ્યો છું જ્હે જ્હે સંસ્થામાં ધર્મને નામે બાળકોપર આ પ્રકારનો અત્યાચાર ગુજરે છે એ સંસ્થા બાળકોની સ્વાભાવીક વૃત્તિઓ કચડીને એમને ગાડરીયા, દંભી ને પાખંડી બનાવી રહી છે.

પણ ધર્મને નામે પૈસા દેનારાઓની મનોવૃત્તિ આ વિના બીજી નથી 'બીજું ગમે તેહમ હો ધર્મના નિયમો અચૂક પળાવાજ જોઇએ.'

અને એ મનોદશામાં ઉત્પન્ન થએલી ગુલામી એનું કર્તવ્ય અદા કરે છે. આ રીતે કેસરખરડી આંગળી મૂર્તિને લગાવી દેવી; સામયીક, પ્રતિક્રમણમાં ગપ્પાં મારવાં ને તોફાન આદરવાં—અને દુધ, ઘીનો દંડ થતો બચાવવો.

આવી મનોદશામાંથી ઘડાતા આપણાં જૈન છાત્રાલયોનાં બાળકો જુઓ. સ્વતંત્રતા વિનાના એ સૌ આપણને માનવદેહધારી ગાડરો જણાશે. અને આપણો બાળક એમાં હશે તો પ્હેલી તકે આપણે એને ઘેર લઇ જઇશું, અને ઇચ્છીશું કે ગાડરોત્પાદક કારખાનાં જલ્દી બંધ થાઓ. એમાંજ સમાજનું કલ્યાણ છે એમ આપણને લાગ્યા વિના રહેશે નહિ.

# તરૂણ જૈન

શનીવાર, તા. ૧-૧૨-૩૪.

# બુધ્ધિનો

## ઉપયોગ કરો.

કયા બાગમાંથી એ સુગંધ આવે છે? કયા પુષ્પની એ મીઠી ખુશબો છે? કયું અત્તર મ્હેકે છે તે આપણે નથી જાણતા; પરંતુ સૌરભની મજા ભોગવી શકીએ છીએ એ વાત એટલેથીજ પતાવી આગળ શોધ કરવાનો પ્રમાદ સેવીએ છીએ.

પરમાત્માની સેવા, પુજા કે ભકિત ભાવનો આનંદ એથી જુદા પ્રકારનો છે. એ આનંદને સેવાના રૂપમાં પાછો વાળવો પડે છે, પરંતુ કેળવણીની જો બરાબર ખબર ન હોય તો એ સેવા પ્રાપ્તિ કરવાને બદલે ગેર વલ્લે જાય. આનંદ ક્યાંથી મળે છે, એ ન જાણવાથી નુકશાન નથી, પણ આનંદનો બદલો પાછો વાળવામાં જો સ્થળની ભૂલ થાય— બુદ્ધિનો ઉપયોગ ન થાય તો નુકશાન વેઠવું પડે.

પરમાત્માને તમે નૈવેદ્ય ધરોછો, એમના અંગની આસપાસ હીરા, માણેક, મોતી ને સોના ચાંદીના આભુષણો ગોઠવો છો. એમને કસ્તુરી, બરાસ, ચંદન ને કેસર જેવી સુગંધી વસ્તુઓના લેપ કરો છો, નિર્મળ જળ, ને દુધથી સ્નાન કરાવો છો, પણ એ નૈવેદ્ય થી લાખ્ખો ભુખ્યા માણસોના પેટમાં એક ટુકડો પહોંચતો હશે ખરો? તમે જર અને જવેરાત ઓઢાડો છો પણ વસ્ત્ર વિના ચિંથરેહાલ ફરનાર, પૈસા માટે કાળી મજુરી કરનાર, ગરીબાઇને લીધે પાયમાલ થનાર, કેળવણીના સાધનોના અભાવે અજ્ઞાન રહેનાર અનેક કુટુંબોને એક કોડીનો પણ લાભ મળશે ખરો?

ભગવાન ભકિત જગતના કલ્યાણ માટે છે; છતાં એ ભકિતનું એવું પરિણામ ન આવતું હોય અને વિપરિત પરિણામ આવતું હોય તો એ ભકિત નો કાંઈ વિચાર કરો છો કે વિચાર બુદ્ધિને બાજુએ મૂકી ગાડરીઆ ટોળાની પેઠે હાંક્યે રાખો છો! બુદ્ધિ શાળીનો દાવો કરનાર વણીક કેમ બુદ્ધિનો ઉપયોગ ન કરે તો એ વણીક કહેવાય? સેવા, પુજા કે ભકિતનો અર્થ એ નથી થતો કે આપણે આપણી જાતને છેતરી સમાજમાં વાહવાહ કહેવરાવવા મોટા ભા બનવા, ધર્માત્મામાં ખપવા દંભ કરવો.

જેણે ત્યાગનો મહામંત્ર સુણાવ્યો હોય, જેણે ત્યાગ માટે અનેક પરિશ્રમો વેઠ્યા હોય તેનાજ મંદીરીએ જરઝવેરાતના ઢેરાથી એમના ઉપદેશની વિરૂદ્ધ કર્તવ્ય નથી લાગતું?

તમે કહો છો કે "ભગવાનની પુજા અને જીવદયા એ બંને અમારી આરાધનાનાં અંગ છે." આ તમારી વાત કબુલ રાખીએ છતાં તમે એટલો તો વિચાર કરી જુઓ કે તમે દુકાનદારીને રીતે જે ભકિત પુજા કરો છો તે જગતના દુ:ખ નિવારણમાં ઉપયોગી થાય છે કે વધારો કરે છે.

તમે માની લીધું કે જનસેવા કરતાં ભગવાનની મૂર્તિની સેવા મુખ્ય છે. એટલેજ જનસેવાની ચિન્તા ઉંચી મૂકી ખરૂં કર્તવ્ય છોડી દઇ મૂર્તિમાટે જરઝવેરાતની આંગી કરાવવી, નૈવેદ્ય ધરવું, લાખ્ખો ખરચવા, ભગવાનની નામે દુકાનદારી કરવામાંજ ધર્મમાની મ્હોટામાં મ્હોટું કામ પૈસાના જોરે સહેલાઇથી પતાવી નાંખી જનસેવાનું કામ ઉંચે મૂકયું.

આપણી સમાજમાં મનુષ્યોને કેટલી વિટંબણા થાય છે? જેને શાસ્ત્રો કહેવામાં આવે છે તેના શ્લોકોમાં મનુષ્યત્વની મહત્તા છે, તેને ગાવી ને સાંભળવી ગમે છે, પણ આજના ગાનાર ને સાંભળનારનું આચરણ જોતાં એમ કહેવું પડશે કે આચારમાં મોટું મીંડુ મૂકાય છે, કારણ કે ધર્મ સાધનામાં મનુષ્ય સેવાને આપણે ગૌણ બનાવી મૂર્તિ, મંદીરો, આંગી, બોલી વિગેરે પાછળ આપણે પાગલ બન્યા એટલેજ આ ૨ (સ્થિ)તિ ઉત્પન્ન થઈ.

ધર્મના ઠેકેદારોના હાથે આપણે ઘણો માર ખાધો. મૂંગે મોઢે સહન કરતા આવ્યા. આપખુદીના પરવાના પાકા થતા ગયા. અંત..માં સમાજને દીનતા, વ્હેમ, ને અજ્ઞાનતાનો વારસો મળ્યો. પુરૂષાર્થને બુદ્ધિ બાજુએ મૂકાઇ. બે હાથ કપાળે મૂકી દૈવ સામે તાકીને બેસી રહેવાનું સુઝયું એ દુર્દશા નહી તો બીજુ છે શું?

મનુજબાળના કલ્યાણ માટે જે રાતદિવસ મથ્યો રહે છે—સેવા કરે છે, ત્યાગ પાળે છે, તે શું ભગવાનનો ઓછો ભક્ત છે? વાતે વાતે જે વાતોડીયાઓ શાસ્ત્રના હવાલા આપે છે, વિધિ-વિધાનના નવાં નવાં વર્તુલો રચે છે, પોતાનેજ પરમ ધાર્મિક અને શ્રદ્ધાળુ માને—મનાવે છે, એવા અહમભાવીઓ કરતાં પ્રાણીમાત્રના સુખ, કલ્યાણ અને શાન્તિ માટે કાયા નિચોવી નાખનાર મહારથીઓ સાચું આત્મકલ્યાણ કરી રહ્યા છે. તેજ સાચા સાધુઓ છે તેજ જગતવંદ્ય મહાપુરૂષો છે.

જરાક એટલું તો વિચારો કે જેના પસીનાથી તમે માલદાર બન્યા છો, તેની સેવાની,—મનુષ્યસેવાની ઉપેક્ષા સેવી મંદિરો અને કહેવાતાસાધુઓ પાછળ લાખો ને કરોડો ખરચો છો તેમાં કલ્યાણ છે? તેમાં સેવા છે? તેમાં ભુખ્યાને રોટી છે? તેમાં ચીંથરેહાલને એક તાંતણો પણ છે? બીજાની બુદ્ધિએ દોડવા સાથે તમારી બુદ્ધિનો ઉપયોગ કરશો તોજ સીધો રાહ સુઝશે. એટલે પુરૂષાર્થ સાધી શકશો, સત્ય સાધી શકશો, ત્યાગી બની શકશો, ધર્મસાધના વિકૃત બનતી અટકાવી શકશો અને તમારૂં તેમ અન્યનું કલ્યાણ કરી શકશો.

# ધર્મનું શુદ્ધિકરણ.

લેખાંક છઠ્ઠો.

[ પેહલા લેખ માટે જુઓ તા. ૧-૭-૩૪ નો અંક ]

ધર્મનું શુદ્ધિકરણ વાંછનારાઓએ નિસ્તેજ થયેલાઓ અર્થે કંઇક આત્મસમર્પણ કરવું પડશે એ વાત નિઃસંશય છે.

ધર્માચાર્યો તો કહે છે કે દુભળા અને અજ્ઞાન લોકો તો પૂર્વે 'પાપ' કરીને અવતર્યાં છે, એમના એ ભોગવે. હવે એ માટે આપણાથી શું થાય?

આ નિર્માલ્ય મનોદશા વચ્ચે આધુનિક ધર્માચાર્યો પાસેથી વધુ આશા ન રાખી શકાય, કોઇપણ પુરષાર્થવાદીએ ન રાખવી જોઇએ.

અને દુભળા કે અજ્ઞાન હરિજનો, ભીલો, ખેડુતો અને એવા પછાત લોકોનો ઉધ્ધાર પૈસાથી કે એવા પાર્થિવ સુખો વડે થોડોજ થવાનો છે?

જો આ વર્ગનો ઉધ્ધાર થવાનો હોય તો આપણે પાટે ચઢી બેઠેલા વિદ્વાન, કેળવણી પોષકો, અને શિક્ષિત સમુદાયના દીલપલટાથી થવાનો છે. ધર્મનું શુધ્ધિકરણ નવીજ રીતે થવા સરજાયું છે. જ્યારે આજના વિદ્વાનો અને રાજદ્વારીઓ નિરાભીમાની થઇને પોતાના ઐશ્વર્ય, વૈભવ અને સંપતિનો ત્યાગ કરી લોકસેવા સ્વિકારશે, ઉચ્ચ નીચના ભેદોને લાત મારશે, અને ગરીબાઇના વ્રત લેશે ત્યારે દુભળા જનોને કંઇક રાહત મળશે.

આપણે આગળનો પાછલો ઇતિહાસ તપાસીશું તો માલુમ પડશે કે મહારથી જેવાઓ વિજયનો સ્વાદ ચાખવા ચૌભવાને બદલે તેઓ રાજદ્વારી સન્યાસીઓ થવા છે. રાજનિષ્ઠ અને રાજદ્વારી કહેવાતા આગેવાનોએ સન્યાસ સ્વિકારવો પડશે.

અત્યારે ધર્મની વાતો પાછળ નૈતિક તત્વનો અંશ ક્યાં છે? ધર્મને નામે તો કોઈ આર્થિક અને સામાજીક વ્યવહારનીજ સગવડો શોધે છે. એટલાજ ધર્મ માટે શુધ્ધિકરણ માગે છે. ધર્મની સળંગ કાયા પલટી નાખવાની જરૂર છે.

ધર્મ તો સનાતન અને અવિચળ છે, તેના મુળ તત્વોમાં કોઈ ઠેકાણે વિરોધ નથી, આચારમાં હમેશાં પલટો લીધો છે અને લેવાજ કરવાનો.

ધર્મનો અંચળો ગમે તેવો સફેદ હોય કે ના હોય તેનું સ્વરૂપ પ્રેમમય હોવું જોઇએ. આજે એ ધર્મને સ્થાને ખુલ્લો દંભ દેખાય છે.

આવો ધર્મ અમારે ના જોઇએ એમ પોકાર કરીને આપણે કહેવું જોઇએ, જે ધર્મ થકી અમને સુખ અને શાંતિ આપવા જોઇએ, એ ધર્મ આજે જન-વ્યવહારની કે ધર્મના ક્રિયાકાંડોની અમુક મર્યાદિકામાંજ સમાઇ જાય છે.

ધર્મના આ વિકૃત અને સંકુચિત સ્વરૂપમાં પરિવર્તન લાવવાની અગત્ય છે. સાધુ આચાર્યોના વાડા વાડીઓને તોડવા જોઇએ, શ્રીમંતો અને આગેવાનોની સગવડરૂપ ન્યાતોની ગઢ તોડવી જોઇએ, જુની રાજ્યોના 'કાયદા અને વ્યવસ્થા' ભાંગવા જોઇએ.

ધર્મના શુધ્ધિકરણ માટે સાચા આત્મસમર્પણની જરૂર છે.

—લાલચંદ જયચંદ વોરા.

---

**મહામંડળ**

**ની**

**જનરલ સભા**

**નાતાલમાં**

**સુરત મુકામે**

**મળશે.**

**જોડાયેલી દરેક સંસ્થાને**

**પોતાના**

**પ્રતિનીધી**

**મોકલવા વિનંતિ**

**કરવામાં**

**આવે**

**છે.**

# શ્રી. પ્રભાવતી-નાથાલાલ લગ્નમિમાંસા:— સમાજ—રચના આદર્શ અને યુવાન માનસ.

ડાહ્યાભાઇ વી. મહેતા.

**પાલણપુર મૂર્તિપૂજક સમાજની એ કથા છે.**

સમાજ માનવીઓ પોતાની કન્યાઓનાં વૈભવશાળી સ્વપ્નાંઓ જોવાને જે કુટુંબ તરફ એકી ટશે મીટ માંડવાની ફરીઆદ આદરી શકે છે, એટલું સાધનસંપન્ન એ **પરીખ કુટુંબ** છે. તે કુટુંબના આજદિન સુધીના સમાજ સુત્રધારોમાંના એક આગેવાન પિતાના શ્રી. નાથાલાલ પુત્ર છે.

એમણે ખુબ વાંચ્યું છે; વાંચનની અસર પણ એમના ઉપર ખુબ થઈ છે: જાતે સશક્ત દેહધારી યુવાન છે. સ્વભાવે લહેરી અને મોજીલા છે. હમણાં હમણાં વધુ સમય વિલાયતમાં એ ગાળે છે, અને ત્યાંના સંસ્કારને જીવનમાં પચાવે પણ છે.

x x x

કદાચ લાંબા સમય ઉપર વિખુટું પડ્યું હશે એવું એ **પરીખ કુટુંબનું ભાયાત કોઠારી કુટુંબ** છે. સમાજના જુનવાણી ઠલેવરો જેના એક એક કાર્યે દાઝી ઉઠે એવું એ **સુધારક કુટુંબ** છે. સમાજનું સુધારક માનસ પણ જેને વૈજ્ઞાનિક દૃષ્ટિએ વખોડી કહાડે એવી એ સુધારક કુટુંબની બલોઓ છે. પરીખ કુટુંબ પોતાની કન્યાને કે પુત્રને મરી ગયેલા ભાયાત કુટુંબ સાથે પરણાવવામાં વાંધો ગણતા નથી. જાહેર મોટપ મહાણે છે. કદાચ કોઠારી કુટુંબ સુધારક તરીકે પાછળથી ગણાયું હશે

x x x

બન્ને કુટુંબે સમાજને સમયાનુસાર અનેક આગેવાનો આપ્યાં છે, એવા એક સમાજનેતા કોઠારી પુત્ર પિતાનાં, અને પરીખ પુત્રી માતાનાં શ્રી. પ્રભાવતી પુત્રી છે, કોઠારી અને પરીખ કુટુંબનું લોહી એમની નસોમાં ઉતરી આવેલું છે.

x x x

શ્રી. નાથાલાલ નાની ઉંમરે માતાપિતાએ કરેલા સગપણ સંબંધને માન્ય રાખીને લગ્નગ્રંથીથી જોડાયા હતા. સમાજ માનવીઓની દૃષ્ટિએ તેમનાં પ્રથમ પત્ની શ્રી. જાસુદબેન એક સંસ્કારી, સુશીલ અને ઘરરખુ ગૃહીણી છે; ત્યારે શ્રી. નાથાલાલની દૃષ્ટિએ એ નુતન દૃષ્ટિને નહી સમજનાર: જડ અને અસંસ્કાર સ્વાભીની છે; પોતાના જીવનને અનુકુળ થઇ શકે, પોતાના જીવનને સમજી શકે, પોતાના મિત્ર બની શકે એટલી શક્તિ વગરનાં એ છે. x x x x x

લોકમત અને શ્રી. નાથાલાલ બન્ને સાચા છે. સ્ત્રીજીવનની ગઇ કાલ સુધીની નક્કી થયેલી કાર્યપ્રણાલીકા પ્રમાણે શ્રી. જાસુદબ્હેન સારાં, ડાહ્યાં ઘરરખ્ખુ (House woman) બાઇ તરીકે ગણાય, અને શ્રી. નાથાલાલના મત પ્રમાણે એ ફક્ત ઘરરખુજ છે, આજના યુગમાં એમના વિચારોને સમજી શકે; એમના કાર્યને પ્રોત્સાહન અર્પી શકે, અને સહકારના ધોરણે આગળ વધી શકે તેવું નથી. જેને આપણે **વિચારનાં કજોડાં** કહીએ તેવુંએ જરૂર છેજ.

અને તેથીજ શ્રી. નાથાલાલે માનસીક સંતોષ આપી શકે તેવી; વિચારોને ઝીલી પ્રેરણા અર્પી શકે તેવી, કવે યુનિવર્સીટીનાં વિદ્યાર્થીની શ્રી. પ્રભાવતી સાથે સહવાસ અને ખુબ પરિચય પછી લગ્ન કર્યાં: અને શ્રી. જાસુદબ્હેનને તમામ પતિહક જતા કરવા પડ્યા. x x x x x

સમાજના માનવીઓ શ્રી. નાથાલાલને દોષિત ગણે છે. સમાજના અસંતોષી યુવાનો શ્રી. જાસુદબ્હેનને કારણભુત ગણે છે. વિચાર વગરના શ્રી. પ્રભાવતીના માથે તમામ દોષનો ટોપલો મુકવા ફાંફાં મારે છે. કોઇ ધનના તો કોઇ વિલાભ્યાસનાં વાંક કહાડે છે; કોઇને કોઇ કારણથી બોલવું પડે છે, કોઇ બીજા કારણે બીજીજ રીતે બીજે મ્હોડે બોલ્યા કરે છે. x x x x x

તમામની અસર આઠ દશ માસ વિત્યે પાલણપુરના મૂર્તિપૂજક સમાજ ઉપર બીજી રીતે થાય છે. કેટલાક કોઇ કોઇ કારણે "જ્ઞાતિબહાર"ના સૂરના પડઘા પાડે છે, અને સમૂહબળ સમાજના દફતરમાં શ્રી. નાથાલાલ-પ્રભાવતીને 'જ્ઞાતિબહાર'ના માનપાંદની લહાણીની નોંધ કરવાની ફરજ પાડે છે. એટલે શ્રી. નાથાલાલ-પ્રભાવતીનાં પુત્રોને એ સમાજના માનવીઓની કન્યા નહી મળી શકવાની શિક્ષા થાય છે! x x x x

શ્રી. નાથાલાલ-જાસુદબ્હેન-પ્રભાવતી ત્રણેએ વધતે ઓછે અંશે દોષિત તો છેજ. શ્રી. નાથાલાલ જેવા સાધન-સંપન્ન યુવાન થોડાક ધનના વધુ ભોગે શ્રી. જાસુદબ્હેનને પોતાને મળતા વિચારોનાં બનાવી શકત. કદાચ થોડી ઘણી ખામી રહી જાય તો પોતે આત્મભોગ આપીને પણ એ વસ્તુ પ્રાપ્ત કરી શકત, અને છતાંએ કંઇક કંઇક અંતરનો ઉદ્વેગ રહત તો પોતે એક યુવાન વિચારકને છાજતા સહનશક્તિના—નિભાવી લેવાના—પાઠ સમાજને આપી શકત. પણ એટલી સહનશક્તિના અભાવે, એ પ્રકારના આદર્શે પહોંચવાના પ્રયત્ન ન કરતાં માનવસુલભ પ્રકૃતિએ એમણે શ્રા: પ્રભાવતી સાથેના લગ્નથી શ્રી જાસુદબ્હેનને જીવન્ત વૈધવ્યમાં મુકી દીધાં. હિન્દુ સમાજના—હિન્દુ કાયદાના મળતા લાભ હક એમણે સ્વિકારી લીધાં અને એમનાં પત્નીની સ્થીતિ એક સુધારક-વિચારકને એબ લગાડે એવી કરી મુકી. x x x x

શ્રી. જાસુદબ્હેનનો પણ દોષ ઓછો તો નથીજ. શ્રી. નાથાલાલે જ્યારથી નુતન વિચારનાં પીણાં પીવા માંડ્યા, ત્યારે એમણે એમના જીવન-સંગાથી તરીકે જીવવાને, એમના પતિની ભાવનાઓને પોષવાને, એમના વિચાર ઝીલવાને, અને કાર્યપ્રદેશ સમજવાને માટે પ્રયત્ન કરવાની ખુબ જરૂર હતી. શ્રી. નાથાલાલની ખામીઓને સમજીને ધોળીને પી જવાની; હિંદુ સંસારની અબળાની નિરાધારીતા સમજીને નમ્ર ભાવે એમને વિનવવાની, સમજાવવાની જરૂર હતી. શ્રી. નાથાલાલે એમણે વિદ્યાવ્યવસાયી બનાવવાને કરેલા તમામ પ્રયત્નોને આવકાર આપીને પોતાની જાતને નવયુગ પ્રમાણે તૈયાર કરવાની જરૂર હતી. એમણે કરેલા નિષ્ફળ પ્રયત્નોમાંથી ઉપજેલા પ્રત્યાઘાતે શ્રી. નાથાલાલને બીજા લગ્ન માટે—અન્ય સુખ માટે વિચારતા કર્યાં તે પહેલાં જે લાંબો સમય—સુલેહ-કાળ—તરીકે ગણાયો હતો તેટલા સમયમાં ભાવી સ્થીતિની કલ્પના કરીને પણ એમણે એમની જાતને તૈયાર કરવી જોઇતી હતી. પણ એ સ્વપ્રયત્નથી મળતા લાભો જતા કરીને એમણે

નારીની નીરાધારીતાથી પાલણપુરના મૂર્તિપૂજક સમાજ પાસે 'પુરૂષ એક ઉપર બીજી સ્ત્રી કરી શકે નહીં'ના કાયદાથી શ્રી. નાથાલાલ સામે સમાજના તુચ્છ બંધનો મુકવાની ધમાલ આદરી.

નારીજીવનપરની સહીષ્ણુતા દાખવીને નહી પણ ઉત્સાહના આવેગમાં શ્રી. જાસુદબ્હેનના બહોળા સગાંવ્હાલાઓની અને યુવાનોની ધમાલના લીધે, સમાજે કાયદો કર્યો. શ્રી. નાથાલાલના દીલમાં રહીસહી પુરૂષજાતની દયાનો અંશ પણ ચાલ્યો ગયો. શ્રી. જાસુદબ્હેને પોતાનાજ હાથે પોતાના દુઃખમય ભાવીને પરોક્ષ રીતે આવકાર આપ્યો.

શ્રી. પ્રભાવતીએ પણ જો શ્રી. નાથાલાલ અને જાસુદબ્હેનના જીવન-કલહને ઓછો કરવા પ્રયત્ન કર્યો હોત તો એ વધારે સફળતા પ્રાપ્ત કરી શકત. શ્રી. જાસુદબ્હેન અને શ્રી. નાથાલાલના વિચારોની ભિન્નતા સમજી કંઇ રાહ દર્શાવી શકત, પણ એ સ્ત્રી પુરૂષના વિચારોને ફેરવવાને ખુબ લાંબા સમયની જરૂર પડત કે જે પાલણપુરના સમાજની આંખમાં કણુની માફક ખુંચી જાત.

વ્યક્તિના આટલા દોષ કરતાં સમાજરચનાનો દોષ એથી ભયંકર છે. સમાજને એકેય ધ્યેય નથી, સમાજને સ્ત્રી પુરૂષની સમાનતા માન્ય નથી, સમાજરચના સ્ત્રી અને પુરૂષને જીવતા નર્કમાં ધકેલી મુકવાનુંજ કાર્ય કરે છે. એ માનવીઓને જીવતાં સડાવી મારે છે. સમાજની માન્યતાઓ ઉંધી છે. સમાજની સમજણ અવિશ્વાસના વાતાવરણપર સરજાઇ છે. સમાજ માનવીને ભીરૂ બનાવે છે. મનુષ્યને નિર્માલ્ય કરી મુકે છે.

એવી એ સમાજરચનાથી સમાજના માનવીઓ બિચારાં થરથર કંપે છે, અને મુંગે મોઢે સહન કરી લે છે, કેટલાક સીફતથી સમાજને છેતરે છે, કેટલાક સમાજને બનાવે છે. એથી સમાજ ધાર્યા કરતા ઉંધુંજ પરીણામ નિહાળે છે. સમાજ સ્ત્રીજાતીને ગાયની ઉપમા આપી જ્યાં ત્યાં વળગાડી દે અને અત્યાર સુધીની તમામ કન્યાઓ એ પ્રમાણે માતાપિતાની કુલીનશાહીના ખપ્પરમાં ભોગ બનતી આવી છે. આજની સમાજરચનામાં કોઇ પિતા વિક્રય કરે છે ત્યારે બધાજ પિતા અદલોબદલો કરે છે. (Some cash girls while all exchange girls.) શ્રી. પ્રભાવતી સંસ્કારી, અભ્યાસી અને વિચારક હોઇ સમાજનાં એવાં બંધનોના ફુર્ચા ઉડાવી દેવા પ્રયત્ન કરે એ સ્વાભાવિકજ હતું; પણ સમાજરચના કુમાર અને કુમારિકાના સહવાસ અને પરિચયપર અવિશ્વાસ રાખતું હોઇ—સ્ત્રીજીવનને કોરી ખાતું હોઇ, સ્ત્રીજાતિની નિર્બળતાને વશ થઇ શ્રી. પ્રભાવતીએ અન્ય કોઇ કુમાર સાથે સહવાસ ન રાખતાં, જેની સાથે પત્નીની આડ હોય તેવા શ્રી. નાથાલાલ સાથે પરિચય વધાર્યો; પ્રથમ લગ્નજીવનની નપસંદમાં નિરાશ થયેલા શ્રી. નાથાલાલને જીવનમાં શાન્તિ અર્પે શ્રી. પ્રભાવતીનો સહવાસ—સહકાર ખુબ જરૂરીયાતનો લાગ્યો, અને અન્તે એમનો ગાઢ પરિચય લગ્ન-જીવનમાં પરિણમવા પામ્યો.

જે લગ્ન અટકાવવાને યુવાનોએ સાચી વસ્તુસ્થીતિ રજુ કરી હતી, જે લગ્ન અટકાવવાને સમાજના વૃધ્ધો સાથે યુવાનોએ સાથ દીધો હતો તે કાયદો આમ બેધડક શ્રી. નાથાલાલે ઉડાવી દીધો, અને સમાજના બની બેઠેલા અગ્રેસરોનો સાચો કસોટીકાળ પાસે આવ્યો. x x x x

એક બાજુ કેદારી કુટુંબની લાગવગ મોટી, અને એક બાજુ પરીખ કુટુંબનો સંબંધ-સ્નેહી પરિવાર-મ્હોટો. વળી લગ્ન પૂર્વે તરતજ પૂર્ણ થયેલા ઉત્સવમાં પાલણપુર સમાજના અગ્રગણ્ય ચળવળીઆઓને માનપાન મળેલાં હોઇ તેમનાં મુખ બંધ થઇ ગયેલાં. મુંબઇમાં પાલણપુરની બ્હેનોની એક સભાએ શ્રી. જાસુદબ્હેન તરફ હમદર્દી બતાવી, અને નારીની નિરાધારીતાથી પાલણપુરના મૂર્તિપૂજક સમાજને યોગ્ય પગલાં લેવા વિનવણી કરી; પણ સૌની આજાયબી વચ્ચે એ સમાજે કાન બ્હેરા કરી ચુપકીદી પકડી.

આ ચુપકીદી એ કોઇ સામાજીક ક્રાન્તિનો કાળ ન હતો. એ ચુપકીદી સમાજ માનવીઓને વધુ હેરાન નહી કરવાના ઉદ્દેશવાળી નહતી, એ ચુપકીદી 'જ્ઞાતિબહાર'ની શિક્ષા જંગલી છે એમ માનીને કરવામાં નહોતી આવી, પણ એ ચુપકીદી નારીજીવન તરફ ઉપેક્ષા કરતી, નારીજીવનને તુચ્છ ગણતી વૃત્તિવાળી હતી, કારણ કે સમાજના એ અગ્રગણ્યોએ એ કાયદો કોઇ સુધારક વૃત્તિને લઇને કર્યો નહતો. સ્ત્રીજીવનપર 'શોક્ય' આફતરૂપ છે એમ માનીને કર્યો નહતો, સ્ત્રીજીવનને એમાંથી બચાવી લેવાને હમદર્દી માટે કરવામાં નહોતો આવ્યો, પણ લાગતાવળગતાની ધમાલે—એ લગ્ન કાયદાના ડરથી અટકી પડશે એ આશાએ કરવામાં આવ્યો હતો. આશાનાં શૃંગ થઇ ગયાં, છતાં સમાજના માનવીઓને શ્રી. જાસુદબ્હેન તરફ હમદર્દી બતાવવાની પણ ફુરસદ નહતી. પણ કોઇ વ્યુહરચના ગોઠવાતી હોય, એમ લાગ્યા કરતું હતું. x x x દિવસો પસાર થતા હતા અને એના ઉપર પડદો પડવાની તૈયારી હતી. "બીજાને શિક્ષા કરવામાં પાવરધો સમાજ અને અગ્રેસર ગણાતા પુરૂષો શા માટે આ પ્રસંગે ચુપ છે?" કેટલાક યુવકોની હમદર્દી પુરતો એ લખવા બોલવાનો પ્રશ્ન ફકત એક ગાઇ રહ્યો હતો. x x x x x

એકાએક વાતાવરણ ફેરવાઇ ગયું. પાલણપુરના મૂર્તિપૂજક સમાજમાં સબળ કારણોએ એકાદ બે પિતાઓએ પુત્રીનાં અને પુત્રનાં સગપણ ફોક કર્યાં; અને બીજા કેટલાક એ માર્ગે વિહરવાને તૈયાર થઇ રહ્યા હતા. જેને આથી ખમવું પડતું હતું તેમની ધમાલે સમાજને સચેત કર્યો અને એક પછી એક શિથીલ બનેલા બંધનને મજબુત કરવામાં આવ્યાં.

સગપણ તોડનારને શિક્ષા ફરમાવવાનું કાર્ય ખતમ થયું, અને ફરીને સુતેલો એ પ્રશ્ન જગાડવામાં આવ્યો. જ્ઞાતિનાં બંધનોને નિર્માલ્ય ગણતા યુવકોએ પણ **'તરૂણ પાલણપુર'** અને અન્ય જૈન પત્રોમાં શ્રી. નાથાલાલને શિક્ષા કરવાને લખવા માંડ્યું. (સમાજના યુવકોને નાથાલાલ માટે એ શિક્ષા ખુબ આકરી સમજાઇ હશે!) આ સમયમાં શ્રી. નાથાલાલ-પ્રભાવતી સ્હામે પુરતું પ્રચારકાર્ય થઇ ચુક્યું હતું અને તેમનાં નામ પણ તડ બહારની શિક્ષા પામેલાઓની, નામાવલીમાં ચઢી ચુક્યાં.

(અપૂર્ણ)

# લોહીનાં વેચાણ

લેખક:—ભોગીલાલ પેથાપુરી.

[ ગતાંક. પાને ૨૦૮ થી ચાલુ ]

[ સ્વાર્થદાસ આમતેમ આંટા મારી રહ્યા છે. ઘડીકમાં નોકરોને ધમકી આપે છે તો ઘડીકમાં ગોરમહારાજને ઉતાવળ કરવાની સૂચના આપે છે. ઘડીકમાં વાજાવાળાને વગાડવાનું ફરમાન કાઢે છે તો સ્ત્રીઓ પણ ગાવાનું જણાવે છે. એટલામાં નરહરી અને રસીક આવે છે. ત્યાં સ્વાર્થદાસ તડુક્યા—"આવ્યા રસીક"—તું આવા શુભ અવસરે ક્યાં રખડે છે? તારે તો અહીંઆં આવી કામ કરવાનું હોય કે રખડવાનું હોય! આટલો પચીસ વર્ષનો મર્દો થયો જ્યાં ત્યારે અક્કલ ન આવી—]

રસીક—'મામા—તમારી સાથે ઘડીક ખાનગીમાં વાત કરવી છે. આપણે ઉપર ઓરડામાં એકાંતે બેસીએ, મારી મામીની પણ જરૂર છે. હું મારી મામીને બોલાવી લાવું છું.

સ્વાર્થદાસ—પણ અહીંઆ બધાંસમક્ષ, શું કામ છે? ખાનગીફાનગી શેની આવી છે. બોલ જલદી, શું કામ છે?

"તમારા લાભની વાત છે. નીરાંતે બેસીને કરવાની છે. કહેતાં કહેતાં રસીકે કહ્યું."

જ્યાં લાભની વાત કહી ત્યાં તુરત સ્વાર્થદાસ ઉપર ઓરડામાં નરહરીને લઇ ગયા, સ્વાર્થી મનુષ્યોને પોતાનો લાભ ઘણોજ પ્યારો હોય છે. અનેક અટકળો બાંધે છે કે કેમ. કોઇ, છોકરીના દસહજાર આપવાની વાત કરવાનો નથી આવ્યો? જો પંદરહજાર રૂપીઆ આપે તો કંઇ બ્હાનું કાઢી લગ્ન બંધ રખાવું. આવા તરંગો બાંધતાં રસીક અને તેની મામી આવી પહોંચતાં 'બોલ રસીક શું કામ હતું?"

"મામા...આપે સરલાબેનના વરને અભિથી જોયા તો હશે? મુખમાં એક પણ દાંત નથી. લગભગ પંચોતેર વર્ષ થવા આવ્યા છે, આવા ઘરડા ઠુઠ્ઠાની સાથે લગ્ન કરી શા માટે સરલાબેનને દુઃખી કરવાને તૈયાર થયા છો?" ઠંડા કલેજે રસીકે ટકોર મારી."

"તારા કરતાં મેં ઘણાં ચોમાસાં ગાળ્યાં છે. તડકો ઘણો વેઠ્યો છે, તારા કરતાં મારામાં કંઇ વધુ અક્કલ હશે. મેં જે કરેલું છે તે પુરો વિચાર કરીનેજ કર્યું છે. તેમાં તારે વચીલાત કરવાની જરૂર નથી. તારી સાથે કોણ માણસ છે!" સ્વાર્થદાસે ક્રોધાગ્નીમાં જવાબ આપ્યો.

"મારી સાથે, આ મારો મીત્ર છે, તેનું નામ નરહરી છે, સારો ભણેલો છે. સરલાબેનના લગ્ને ગામમાં હાહાકાર વર્તાવ્યો છે એથી અમો આપને કહેવા આવ્યા છીએ, કે આપ લગ્ન અટકાવી આગળ ઉપર મુલતવી રાખો—અને કોઇ યુવાન કેળવાયેલા સાથે લગ્ન કરી દીકરીને સુખી કરો. જાણીજોઇને જો આ કાર્ય થયું હોય તો તેમાં ખરેખર ખોટું પાપ છે, અને બીજાપર ભરોસો રાખતાં આ કાર્ય બન્યું હોય તો તે આપણે કબુલ કરવા બંધાયેલા નથી." રસીકે જણાવ્યું.

"શું! લગ્ન અટકાવવાની સલાહ આપવા આવ્યો છે, અને તે પણ મારે ત્યાં! કોઇ કાળે એ નહિ બને. આટલાં વર્ષે ધોળામાં ધૂળ ઘાલવા તૈયાર થાઉં! બાપદાદાની આબરૂ પર પાણી ફેરવું, અને લગ્ન અટકાવવાની જરૂર પણ શું છે? માંડવગઢમાં લાખો રૂપીયાની માલીકી ધરાવે છે. મોટર વાડી—ગાડી રહેવાને બંગલો છે. દીકરી કેટલી સુખમાં નાખી છે. તેનો વિચાર તમોને ક્યાંથી આવે? પૈસાને માન છે આજકાલ. દીકરી કુલે પુજાશે. શેઠનાં આ છઠ્ઠી વારનાં લગ્ન છે. દીકરી કેટલું માનપાન પામશે તેનો વિચાર કર્યો."

"કાકા, એ વાત તદ્દન સાચી છે પણ લક્ષ્મી ચંચળ છે કાયમની ટકીરહી નથી. ટકી રહેવાની નથી. દીકરીને જેની સાથે સંસાર ભોગવવાનો છે તેનો પ્રથમ વિચાર કરવાનો, પછી લક્ષ્મીનો વિચાર કરવાનો. આપણા ગામના કેટલાક દાખલાઓ છે કે ઘણા ધનવંતરીઓ ભીખારી થઇ ગયા. બંગલા, વાડી ગાડી એ બધાં હતાં નહતાં થઇ ગયાં અને માનપાન, પૈસા જતાની સાથે અદરશ થઇ ગયાં, દુનીયા પૈસાની પુજારી છે. મનુષ્યની નથી. પણ આ દાખલો પૈસા સાથે બંધ બેસતો નથી, પ્રથમ જમાઇની ઉમ્મરની તપાસ કરો, લગભગ પોણોસો વરસ થવા આવ્યા, ઘણાક કાઢે તો પાંચ દસ વર્ષ કાઢે. માણસનો ભરોસો નથી—તે વાત સાચી. પણ જાણીજોઇ હાથમાં દીવો લઇ કુવામાં પડવું તે શું આપના જેવાને ઉચીત છે? પૈસો અને માનમરતબો માણસ ગયા પછી તેની કોડીની કીમ્મત નથી થતી. આજે પૈસાના જોરપર લગ્ન કરનાર બુઢ્ઢા મનુષ્યો કુમળી બાળાઓ સાથે લગ્ન કરી યૌવનમાં આવતાં પહેલાં સ્વર્ગનો રસ્તો લે છે. અને અણભોગવ્યા સુખોની લાલસાએ યુવાન વીધવા જુવા કૃત્યો કરી બાળહત્યાઓ કરે છે. એ આપનાથી ક્યાં અજાણ્યું છે?" નરહરીએ ધીરે ધીરે વાત જમાવવા માંડી.

પણ સ્વાર્થદાસને ક્યાં હૃદયપર જરાએ અસર થવાની હતી! પૈસાનો પુજારી સ્વાર્થદાસ તડુક્યો. "મારે તમારી કોઇની સલાહની જરૂર નથી મારા કામની અંદર તમારે વચમાં આવવાનો કે ડખલ કરવાનો અધીકાર નથી.

હું દીકરીનો પીતા છું. હું મારી મરજી આવશે ત્યાં નાખીશ; દીકરીના સુખદુઃખનો વિચાર મારે કરવાનો છે. જાઓ એક અક્ષર પણ વધુ બોલશો તો બેઉને સ્વાધીન કરીશ. સમજ્યા."

"મારા રોયા ભણ્યા એટલે કોઇની શરમ રાખે છે! આવો પૈસાવાળો જમાઇ મળ્યો છે અને રોયા ફાટ્યું ફાટ્યું બોલે છે જોને! અલ્યા રસીકડા છોડી સુખમાં જાય છે તે આંખે ખમાતું નથી કેમ? મરવા ભરો મરવા. 'પાંચ દસ વરસ કાઢશે.' તમારી જીભે કાંટા કેમ નથી વાગતા! આવું બોલતાં. હજુ મારી કુમળી કલીને તેરમું વર્ષ જાય છે. તેના નસીબમાં સુખ હશે તો સુખ રહેશે. અને દુઃખ હશે તો દુઃખ આવશે. એમાં માબાપ શું કરવાનાં હતાં તેઓ તો સારૂં રૂપાળું પૈસાદાર ઘર જોઇને દીકરી નાખે અને પછી તો નસીબ એનાં. ચાલો ઉઠો. જમાઇરાજ માંડવે આવ્યા છે. ગોરમહારાજ રાહ જોતા હશે. સ્વાર્થદાસની ધણીઆણીએ સુરપુરાવ્યો."

"થયું ભાવી બનવાકાળ હતું તે બન્યું. લગ્ન થયું દીકરીને સાસરે વળાવી. સાત દીવસમાં તારઆવ્યો કે શેઠ દમના

દરદથી દેવલોક પામ્યા. જ્યિં શોકરૂપ આ સમાજમાં જેને વિધવા કહે છે તેની ગણત્રીમાં સરલા આવી. હજુ તેરમું વર્ષ પુરૂં થશે. શેઠની મરણતીથીને પંદર દિવસ બાદ લેણદારોનો તગાદો થયો. મોટર, વાડી, બંગલો લેણદારોએ જપ્તીમાં લીધું. સરલાને પીયરમાં આવવાની ફરજ પડી. હજુ પુરૂં જ્ઞાન પણ આવ્યું નથી. સારા નરસાનો વિચાર કરવાની શક્તી પણ કેળવી નથી. તેટલામાંજ વૈધવ્યનું દુઃખ કપાળે લદાયું. શ્વસુરગ્રહેથી ત્યજાએલી એ તેર વર્ષની બાળા–સરલા પીતાને ઘેર રહેવા લાગી–પારકીજણી જેવી સ્થીતિ થઈ.

તેના રહેવાથી માતાપિતાને એક કંટક સમાન ભાસવા લાગી. ઘરમાં ફક્ત ૨૪ કલાક મહેનત મજુરી કરી એંઠું જુઠું પુરૂં અન્નપણ મેળવવા માટે પંચાત પડવા લાગી. ચોધાર આંસુએ રડતી એ બાળા માતાપીતાને અનેક શ્રાપો આપવા લાગી. "ઓ હિંદુ સમાજ" તારા પાપે આવી સીતમની ચક્કીમાં કેટલી બાળાઓનાં બળીદાન અપાતાં હશે? પોતાની લોભદશાની ખાતર દીકરીના શું હાલ થાય છે તે તપાસવાની ક્યાં સમાજને ફુરસદ છે! લગ્ન વખતે મોજથી લાડવા ઉડાવનાર સમાજના નાયકો ગરીબડી બીચારી વીધવાની કથની સાંભળવા પણ રાજી નથી હોતા, ઓ હિંદુ સમાજ! જે પુત્રીના પૈસે સમાજમાં અત્યાર સુધી શ્રીમંતાઈ ભોગવી. જે લક્ષ્મીના વેચાણે સમાજમાં પ્રતિષ્ઠીત ગણાવ્યા. તે દીકરીને વીધવા થતાં પાળવી પણ મુશ્કેલ પડે છે? પોતાનાજ વીર્યથી ઉત્પન્ન થએલ પુત્રીના આટાં તીરેગી ભરી અગર પુત્રવધુ આણી વંશવેલો વધારનાર માબાપોને કેટલો ધીક્કાર આપવો? શ્વસુરગ્રહેથી ત્યજાએલી, માબાપની કરડી નજરમાં આવેલી, સગાસંબંધીથી વિખુટી પડેલી યુવાન વિધવાને જ્યારે સમાજ તેના તરફ પ્રેમભરી દ્રષ્ટીથી ન જુએ ત્યારે તે ક્યાં જાય? 'મુંઝાય' 'અકળાય' ત્યારે શું કરે; પતીત થાય!

ઓ હિંદુ સમાજ તમો સન્નારીઓ–જગતની માતાની કેવી કીંમત આંકો છો! એક બે ટંક રોટલાની તે પણ એંઠા જુઠાની! સમાજના પોલાદી પંજા નીચે જકડાઈ કુળની અમર્યાદિત લાજના ભયંકર ઓઝલ પાછળ દુઃખી જીવન ગાળે છે. તેમની અશ્રુભીની આંખે, ચીરાતા હ્રદયે અંતરથી અનેક ધીક્કાર આપી રહી છે. અનેક જુલ્મો સહન કરી રહી છે, તે તરફ નજર કરો. સમાજમાં તમારા પાપે એવી કેટલીક અબળ બાળાઓ અગ્નીમાં બળી ખાખ થતી હશે તે તરફ ડોકીયું કરો. નારી વિકાસને બોંબ તળીયે ઝુંડનાર મનુષ્યોએ સભ્યતાના ગુપ્ત પડદા પાછળ એવા કેટલા ખેલો ખેલ્યા— અજ્ઞાન દશાનો લાભ લીધો–પણ હવે અજ્ઞાનતા એઓને સાલવા લાગી છે.

હમણાં હમણાં ઘણી બાબતો ચર્ચાવા લાગી છે. 'તેમની જીંદગીની શી શી જરૂરીયાતો, તે પર વિચારણા ચાલી રહી છે.' સમાજમાં વિધવાઓનું સ્થાન, અપમાનીત જીંદગી; વિગેરેનો વિચાર કરતો. વિધવાઓમાં સ્વમાન જેવું કશું લાગતું નથી. સ્વમાનની લાગણી દરેકમાં હોય છે, પુરૂષ અગર સ્ત્રી, અરે પશુમાં પણ હોય છે, આમ હોવા છતાં પણ સ્વમાનની લાગણી ગુમાવવાનું બળજબરીથી વિધવાઓના કપાળે લાદવા માગીએ છીએ એજ આપણા માટે અધોગતિની નીશાની છે—

આજનો સમાજ "વિધવા શબ્દથી" ભડકે છે. જેના મોઢાના શબ્દો સમાજ તો શું પણ ખુદ માતાપીતા સાંભળવા રાજી નથી હોતાં. ત્યાં બે ટંક ભોજનપણ સુખેથી તેમને કોણ આપે? તેમની તરફ સહાનુભુતિ કે દિલસોજીથી કોણ જુએ છે? સમાજ તેમના માટે બેદરકાર છે. બીજા કોમમાં પોતાના ભવીષ્યના સુખદુઃખની પાળ બાંધી આનંદમાં જીવન વ્યતીત કરી રહી છે. ત્યારે શું આપણાથી આપણી વીધવા બ્હેનોની જીંદગી આનંદમાં રહી નવજીવન પ્રાપ્ત કરે તેવી ગોઠવણ ન થઇ શકે?

આ વિષય જો ખૂણે ખૂણામાં પહોંચાડવામાં આવે તો આ કાર્ય એટલું દુષ્કર નથી કે તે ન બની શકે. માત્ર દુઃખનો વિષય એટલો છે કે હજુ સમાજના થોડાઘણા સીતમગારોની રાક્ષસી તરસ છીપી નથી. છતાં એટલું તો ખ્યાલમાં રાખી લેજો કે આ અઢારમી સદી નથી. વીસમી સદી અને નવયુવકોનો જમાનો પુરબહારમાં રંગાતો ચાલ્યો છે. વિધવા હોય કે સધવા હોય, બાળક હોય કે વૃદ્ધ હોય, છતાં તમારા જાલીમ સમાજના કુરિવાજો, કુનીતિને પૂર્ણપણે જાણી ચુક્યા છે, સમાજના અપરીત બંધનોને દફનાવવા હ્રદય તત્પરતા દાખવી રહ્યા છે, થોડાઘણા અંશે નારી વર્ગમાં પણ બહાદુરી, હિમ્મત અને વિચારશક્તી ઉત્પન્ન થઈ છે, તેમણે વાપરેલી ઉદારતા અને અજ્ઞાનતા હવે તેઓને સાલે છે, ધર્મના ઓઠા નીચે ચાલનારી સમાજને ફાંગી ભુક્કા કરવાની તૈયારીઓ થઈ રહી છે, યુવાનવર્ગ પણ તેમને પૂર્ણ સહાનુભુતિ આપી રહ્યા છે. વિધવાઓના શીરપર બાપદાદાની આબરૂ હીવા કુળના ખાનદાનીના હથોડા મારવામાં આવે છે તે ફક્ત વિધવાઓની કેળવણી અને સંગઠનના અભાવેજ. પરંતુ આ નવજીવન પ્રેરીત નવયુગમાં એ દરેક દરીયામાં ધધરાવવાની જરૂર પડશે. ઓ યુવાન બંધુ ભગીનીઓ,–" સમાજના સડેલા કુરિવાજોને જલાવો! આપણે એ કબ્રસ્થાનની શાન્તિમાં જીવનારના દીલમાં હોળી પ્રગટાવો–ગાડરીયા પ્રવાહની માફક અંધ રૂઢીના ચીલામાં આંખે પાટા બાંધી ચાલી જનારાના આંખના પડદા ચીરો–જે બ્હેનોને ન ધણીઆતી કહી સમાજ ઠોકરે મારે છે તેને સૌભાગ્યવતી ધર્મપત્નિઓ બનાવો–અને એઓને દેખાડી આપો કે રંગીલું ગાડું હવે આ માર્ગમાં નહિ ચાલે અને જ્યારે એવા પડકારો કરવામાં આવશે ત્યારેજ હવે લોભીઓ રસ્તામાંથી ખસી જઇ માર્ગ મોકળો કરી આપશે—

આપણામાં ઉકળતું ખમીર વહેતું હોય, વિધવા બ્હેનો પ્રત્યે જરાપણ કળકળ હોય તો આપણે તન મન અને ધનથી જરૂર ફાળો આપવો જોઇએ, આટલુંજ યુવાનવર્ગ માટે બસ થઈ પડશે. અસ્તુ.

સંપૂર્ણ.

---

**નજીવી છતાં જીવલેણ**—ઉત્તર અમેરીકામાં, એમેઝોન નદીમાં જોવામાં આવતી એક જાતની મનુષ્યભક્ષી માછલીઓનું કદ તેની ભયંકરતા જોતાં આશ્ચર્ય પમાડનારૂં છે. તેનું કદ નાકથી તે પુંછડી સુધીની લંબાઇ માત્ર દોઢ ઈંચજ છે; છતાં તે દુનિયામાં સૌથી વધારે ભયંકર પ્રકારની માછલી ગણાય છે. તે તરનારાઓ ઉપર એકદમ હુમલો કરીને મારી નાખે છે. પછી તે તારાની લાશ પણ નજરે ચડતી નથી.

# ચા..................બુ..................ક

અમને એની જાણ નહતી, નહિ તો કૃષ્ણપક્ષી કાર્તિકી ચોથને 'ધર્મરક્ષા દિન' ઉજવવાની વિનંતીમાં અમેય અમારો સુર પુરત. ગયા વર્ષના એ ઐતિહાસિક દિને સર સયાજીરાવે દિક્ષા-પ્રતિબંધક કાનુન કરી દિક્ષા ઓથે ભાગેડુ ને લુટેરૂ બનેલા સાધુઓથી ગુજરાતના જૈન સમાજને ઉગાર્યો.

x x x x x

'ધર્મરક્ષા ઉત્તેજક ઉત્સવ'ના મંત્રી રા. કડીઆને એમનું નિવેદન વાંચતા સાંભળી એક ભાઇને દર્પણ ભેટ ધરવાનું મન થયું હતું—એથી કે એમાં રા. કડીઆ એમનું જીવન બરાબર જોઇ શકે. સમાચાર અપૂર્ણ છે......દર્પણની ભેટ ધરાઇ કે નહિ એની માહિતિ હજુ મળી નથી.

x x x x x

બેહદ બોલતો આદમી જાડે છે એમ વ્યવહારમાં મનાયું છે. ભકતો આદમી ઘણી વાર અંતરમાં છુપાવેલું સત્ય બોલી જાય છે. બિરાદર રામવિજય 'નુતન વર્ષની ભાવના' ભાવતા પંચમેન્સ જૈન સોસાયટીનો મર્મ નીચે મુજબ બોલી નાંખે છે:

**"પેટ ભરવા ખાતરજ દેવ-ગુરૂ-ધર્મની નિંદા કરતા હોય, પૈસા આપવાથી સુધરે તેવા હોય, તેઓને પૈસા આપીને, તેમનાં પેટ ભરીને પણ દેવ-ધર્મ-ગુરૂની નિંદા કરતા અટકાવવા જોઇએ."** અને ભક્તજનોને ઉદ્દેશીને એ આઇ આગળ વધે છે: "તમારી લક્ષ્મીથી જો દેવ-ગુરૂ-ધર્મના નિંદકો નિંદા કરતા અટકી જતા હોય, તો એ લક્ષ્મીનો જેવો તેવો સદુપયોગ નથી!

આ વાંચ્યા પછી પંચમેન્સ જૈન સોસાયટીનાં દુધપાક પુરીનાં જમણો શી ભાવનાએ થાય છે એ વિષે અમને શંકા નથી રહી! દુધપાક પુરી ઝીન્દાબાદ! પંચમેન્સ સોસાયટી ઝીન્દાબાદ! અને જ્હેની ઓથે આ થઇ રહ્યું છે તે ધર્મના ઝંડા! તું અજર અમર થજે! હીપ્, હીપ્, હુરરરરે!

x x x x x

રામવિજયે કહેલું આ વાક્ય કેટલું સાચું છે?

આજે ગુણોનો આડંબર કરનાર દંભીઓ દુનિયાને પાયમાલ કરવાનો ધંધો લઇ બેઠા છે.'

હજુય સમજશો? કે માત્ર સ્વાંગ છે તેથીજ રામવિજયને રામવિજયોને ખમાસણાં દીધેજ જશો!

x x x x x

પુનર્લગ્નના હિમાયતીઓને પડકારતાં શ્રી. નારંગીબ્હેન વાસના અને વિકારોને બાળી દેવાની 'મઢી મઢી બાતેં' અમદાવાદની વિસાશ્રીમાળીની વાડીમાંથી કરે છે.

બરાબર છે બ્હેન! હવાત પતિએ આવી વાતો કરવી મુશ્કેલ નથી!

x x x x x

કુમારી કાન્તાબ્હેન મણીલાલ એજ સ્થળેથી ઉચ્ચારે છે:

**'આપણાંજ સંતાનો**માંથી કેટલાંક ધર્મનો દ્રોહ કરી રહ્યા છે, **આપણા પતિવ્રત** ધર્મ સ્હામે ઝુંબેશ ઉઠાવી રહ્યા છે............"

સબુર! સબુર! બાનુ! આપ તો કુમારીકા છોને?

x x x x x

ગં. સ્વ. ડાહીબ્હેન વાડી વિવેચન કરતાં પૂછે છે: 'શું કામ સ્ત્રીઓને નામે તેમની વિષયવાસનાની વાતો કરો છો?

જાહેરમાં આવો પ્રશ્ન આ રીતે છેડવા બદલ ડાહીબ્હેન! તહમને અભિનંદન! પણ બ્હેન! માફ કરજો. કાં તો તહમે બ્હેરાં છો યા તો જડ છો. નહિં તો પુરૂષોજ આવી વાતો કરે છે એમ કહેવાની તહમે મૂર્ખતા નજ કરી હોત! સ્ત્રીઓનાં એવાં કથન તહમે નહિ સાંભળ્યા હોય, એ ૧૯૩૪માં તો સાવ અસંભવીત છે—સિવાય કે તહમે બ્હેરાં હો! x x x x x

'ભીખ માંગવી એ હલકટતા છે' રામવિજય કહે છે.........અને એમણે હવેથી જાતે કમાઇ, પેટ ભરી, ધર્મોધ્ધાર કરવાનું નક્કી કર્યું છે!!!

x x x x x

ધર્મપર આક્રમણ કરનાર સ્હામે વધુ વાર ઉંઘ્યા વિના કમ્મર કસવાની, અને ધર્મના રક્ષણાર્થે 'કમ્મરે તલવાર લટકતી રાખવાની મુનિ મહારાજ એક હજાર આઠ શ્રી શ્રી શ્રી રામવિજયજી મહારાજની ઉશ્કેરણી મળ્યા પછી, અમદાવાદના સોસાયટી ભકતો એમના વડદાદાની, મહમદ બેગડાના યુગની કટાયલી તલવારોને ઘ્યાસતેલથી સાફ કરવા મંડી પડયા છે.

......અને એ હકિકત જાણ્યા પછી, અમદાવાદના કલેકટરને સુલેહશાંતિનો ભંગ ન થાય તે સારૂ ચાંપતા ઉપાયો યોજવા પડયા છે.

......અને ગામેગામના જૈન યુવક સંઘો આ 'ધર્મરક્ષા ઉત્તેજક સેનાના હલ્લાની હરઘડીએ રાહ જોઇ રહ્યા છે.

'દેમાર' 'દેમાર' હવામાંના રામવિજયના દેકારા સંભળાય છે અને એની હાંસી કરતા સમયદેવના પડઘા ચોમેરનાં વાતાવરણ કંપાવી રહ્યા છે.

---

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુવક સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબઇ નં. ૨ તરફથી જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

વાંચકોને.

Reg. No. B. 3220




વાર્ષિક લવાજમ ૧-૮-૦ છુટક નકલ ૧ આનો. | શ્રી જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ)નું મુખપત્ર તંત્રીઃ મણીલાલ એમ. શાહ. | વર્ષ ૧ લું અંક ૨૪ મો ગુરૂવાર તા. ૨૦-૧૨-૩૪

# ગુંગળાતો ધર્મ.

ગરીબ લોકો ઘરમાંથી નકામું રાચરચીલું ફેંકી દેવાની જેમ હિંમત નથી કરતા અને એને લીધે અનેક જાતની અગવડો વેઠે છે, તેમ ધર્મમાં રૂઢિઓ અને વહેમોનું છે. બીકણુ અને લાલચુ લોકો ઠગ કે જબરજસ્ત માણસ આગળ જેમ વર્તે છે. તેમજ પ્રાકૃત માણસ દેવ દેવીઓ અને ધાર્મિક રિવાજો વિષે વર્તે છે. કશું તોડવાની કે કહાડી નાખવાની હિંમત થાયજ નહિ. કાંઇ કરતાં કાંઇક થઇ જાય, એ આંધળી બીક દરેકના મનમાં, એટલે જૂનું તો બધું રહેવાનુંજ, અને એમાં જો કોઇને બીક અને લાલચ ઉપરજ રચાયેલું કોઇ નવું તુત ઉમેરવાનું સૂઝે તો એની સામે થવાની પણ સમાજની હિંમત નહિ. 'સંઘર્યો સાપ કામનો' એમ કહીને, દરેક વસ્તુને આવકાર આપેજ છુટકો.

મારું નાનપણ ઘરના બધા રિવાજો, વ્રતો અને ઉત્સવો, વહેમો, માન્યતાઓ અને બાધાઓ શ્રદ્ધાપૂર્વક પાળવામાં ગયેલું. આવી રૂઢિ નિદ્રામાંથી ભોળી ભક્તિ જગાઇ. ભક્તિસામે તાર્કિકતા જાગૃત થતાં શંકાશીલતા વધી. શંકાશીલતાએ અને ઉન્મત્ત જુવાનીએ થોડા દિવસ માટે નાસ્તિકતાનું રૂપ પકડ્યું. આ નાસ્તિકતામાંથી શુદ્ધ જીજ્ઞાસા પ્રગટ થઇ અને હું કેવળ બુદ્ધિવાદી બન્યો. બુદ્ધિવાદનાં છેડાનું દર્શન થયા પછી વૃત્તિ પાછી વળી અને શ્રદ્ધા ક્ષેત્રની ઝાંખી થઇ. પરિણામે ધર્મના શુદ્ધ, ઉજ્જવળ, સનાતન સ્વરૂપનો કાંઇક સાક્ષાત્કાર થયો. આમ બધી વૃત્તિઓ તે તે કાળે અને ક્રમે કેળવેલી હોવાથી ધર્મજીવનની બધી બાજુઓ તપાસવાની મને તક મળી છે.

જૂનામાં રહેલાં સંસ્કારસમૃદ્ધિ, કલારસિકતા અને સાર્વત્રિક સમાધાન, બધી વસ્તુઓ મેં અનુભવી છે. છતાં મને લાગે છે કે, જેમ દેવતા ઉપરની રાખ ખંખેરવાની હોય છે અથવા ઘરમાંથી નકામું રાચરચીલું અને 'કચરો' કાઢી નાખવાની જરૂર હોય છે. તેમજ ધર્મવૃક્ષને પણ વખતોવખત ખંખેરવાની જરૂર હોય છે. લોકવાર્તાના વાણિયાએ સાપ સંઘર્યો હતો ખરો, પણ તે મરી ગયેલો અને છાપરાપર ચડી સુકાતો હતો. એ જીવતો કે કહોવાઇને ઝેર ફેલાવતો નહતો. આપણે પરંપરાગત સનાતન ધર્મને નામે રત્નો પણ સંઘરીએ છીએ. અને કાંકરા પણ સંઘરીએ છીએ, હળાહળ પણ સંઘરીએ છીએ, અને અમૃત પણ સંઘરીએ છીએ, આપણા સંઘરેલા સાપોમાંથી કેટલાક જીવતા અને ઝેરીલા છે અને કેટલાક કહોવાઇને મરકી ફેલાવે છે, અને તેથી આપણો શુદ્ધ, ઉદાત્ત, સનાતન આર્યધર્મ ગુંગળાઇ ગયેલો છે. નીંદામણ વગર ધર્મક્ષેત્રમાંથી સારો ફાલ મળે નહિ.

કાકા કાલેલકર.

# પ્રાસંગિક નોંધ.

**વાંચકોને—**

જૈન સમાજમાં અનેક પ્રકારની રૂઢીઓ, વ્હેમો અને ધર્મના નામે ચાલતાં ધતીંગોથી સમાજનું નાવ ઝોકાં ખાઇ રહ્યું હોય. સાથે પરમાત્માના નામે પરમાત્માની મૂર્તિનીજ હાજરીમાં દુકાનદારી ચાલી રહી હોય, સાધુશાહી તાંડવનૃત્ય ખેલી રહી હોય, સ્વેચ્છાચાર ને સ્વચ્છંદતા વધી પડયાં હોય, તે વખતે લોકમતને સાચા રસ્તે વાળવો એ દરેક જૈનનું કર્તવ્ય છે.

એ ફરજ બજાવવા યુવાનોએ એકત્ર થઇ યુવકસંઘ સ્થાપ્યો અને અંધશ્રધ્ધાને નિવારવા, ધર્માન્ધતાના નામે જકડાએલી જંજીરો તોડવા યુવકસંઘ પત્રિકાને જન્મ આપ્યો. થોડા વખત બાદ એને "પ્રબુધ્ધ જૈન"માં ફેરવવામાં આવ્યું. અને કોઇની શેહમાં આવ્યા સિવાય નિડરતાથી એનું કામ એણે ચાલુ રાખ્યું. ત્યાં તો અણુધારી ને અણકલ્પેલી મુશીબત ઉભી થઇ એટલે એને સમાજસેવા કરતાં ફરજીયાત બંધ થવું પડયું.

સમાજને કોરી ખાતા સડાઓ ને રૂઢીઓથી સમાજને બચાવવાના અનેક પ્રયાસોમાં પત્ર એ મુખ્ય સાધન ગણાય. એટલે થોડાજ વખતમાં જૈન યુથ સીંડીકેટ (તરૂણ જૈન સમિતિ) સ્થપાઇ અને 'તરૂણ જૈન' નામનું સાપ્તાહીક ભાઇશ્રી ચંન્દ્રકાન્ત સુતરીયાના તંત્રીપણા નીચે શરૂ કરવામાં આવ્યું તેમણે લગભગ આઠ માસ સુધી જોરદાર કલમથી સમાજસેવા કરીને અનીવાર્ય સંજોગોમાં રાજીનામું આપ્યું.

તરૂણ જૈને પ્રથમ બાર માસમાં સમાજના સળગતા પ્રશ્નો, સાધુશાહીનું સમાજ ક્ચરતું તાંડવનૃત્ય ખુલ્લું પાડવામાં સાધુ સંમેલન અંગે સાચો રાહ દાખવવામાં, વિતરાગના મંદિરોમાં ખુદ વિતરાગ દેવનીજ હાજરીમાં તેમનાજ સિધ્ધાન્ત વિરૂધ્ધ ચાલતી દુકાનદારી અંગે, કન્યાકેળવણી, શ્રી યુવક પરિષદ, શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, ઇત્યાદિ અનેક પ્રશ્નો અંગે લોકમત કેળવવામાં કંઇક કર્યું છે અને ઘણું કરવાનું બાકી છે કારણ કે જ્યારે સમાજ માનસ મુંઝવાઇ રહેલું હોય, તેના ચક્ષુપર અજ્ઞાનના થર બાઝયા હોય ત્યારે તેને નિવારવા અનેક પ્રયત્નોની જરૂર છે એમ લખવું—કહેવું અસ્થાનભરેલું નહિ ગણાય.

આવતા અંકથી તરૂણ જૈન બીજા વર્ષમાં પ્રવેશ કરી સમાજની સુંદર સેવા બજાવવા વધારે મજબુત બને તે ખાતર અનેક વિચારણાઓ અને પ્રયાસો ચાલી રહ્યા છે. એટલે કદાચ આવતો અંક ગ્રાહકોના હાથમાં થોડા દિવસ મોડો મળે તો તેઓ દરગુજર કરશે અને જે ઉત્સાહથી ટેકો આપી રહ્યા છે તેમાં વધારો કરી 'તરૂણ જૈન'ને મજબુત બનાવવા બનતા પ્રયત્ન કરશે એવી અમે 'તરૂણ'ના સૌ હિતેચ્છુઓ પાસે આશા રાખીએ છીએ.

**પંદર લાખનું પાણી.**

જ્યારે જગતમાં રેલગાડી, તાર ને ટપાલ જેવાં ઝડપી સાધનોનો અભાવ હતો ત્યારે દુરદુરના તીર્થધામોએ યાત્રા કરવાની માનવીઓને ઇચ્છા થતી. પરંતુ સલામત સાધનોના અભાવે એકલદુકલ માનવીઓ જઇ શકતા નહિ. આથી વગવસીલાવાળા ભાઇઓ સમુહને એકત્ર કરી અનેક સગવડો સાથે એક જણની આગેવાની નીચે યાત્રાએ નીકળતા. એને સંઘ કહેતા, આગેવાનને સંઘવી કહેતા.

સાધુ સાધ્વી સમુદાયની સગવડ ને સંભાળ મુખ્ય રહેતી. શ્રાવક સમુદાયની ગૌણ રહેતી. તેમ સંઘવી (આગેવાન)ના અંતરમાં, વર્તણુકમાં પરોપકારવૃત્તિ અને સેવા વસેલાં હતાં, આથી સંઘ કઢાવનારની મહત્તા એટલી હદ સુધી ગણાતી કે "સંઘ કઢાવનાર તીર્થંકરગોત્ર બાંધે છે." આ ભુતકાળની વાત થઇ.

હાલ જમાનામાં રેલ્વે, તાર, ટપાલ, વાયરલેસ ને મોટર જેવાં ઝડપી સાધનો, એટલે સાધારણમાં સાધારણ માણસ જુજ ખર્ચે, બીન ધાસ્તીએ યાત્રાઓ કરી શકે છે. છતાં એક ધનીક વાહવાહની ખાતર નામના સંઘવી થવા ખાતર સંઘ કહાડી પાંચ સાત લાખ વેડરી નાખે સાથે ખરા પરસેવાથી પેદા કરેલ સાધારણ વર્ગ પાંચ સાત લાખ વેડરી નાખે એ વસ્તુ અસહ્ય છે.

આજે સમાજ, કેળવણીના અભાવે અજ્ઞાનતામાં ડુબી રહી છે, જૈન સહાયક (પંચાત) ફંડના અભાવે બેકારીમાં વધારો થઇ રહ્યો છે, વિધવાઓ માટે આશ્રમોના સાધન નથી. સેનેટોરીયમના અભાવે બીજાના બારણે ચઢઉતર કરવી પડે છે, ગામડાઓમાં વસતા જૈનોમાં અનેક કંગાલમાં કંગાલ દશા ભોગવી રહ્યા છે. જ્યારે શહેરોમાં ધંધાના અભાવે ગટર જેવી ગંધાતી અંધાર ઓરડીઓમાં આપણા ભાઇભાંડુઓ જીવન વીતાવી રહ્યા છે આવા કપરા સંજોગોમાં જૈન સમાજના ધનીકોમાંના એક શેઠ માકુભાઇ થોડીની બોલબાલા ખાતર જે જમાનામાં જે ચીજની જરૂર નથી તેની પાછળ નાણું ખરચી નાખે તેના કરતાં જ્ઞાનની પરબો માંડવામાં, નિરાશ્રિતોને ધંધે વળગાડવામાં, સસ્તા ભાડાની ચાલીઓ પૂરી પાડવામાં, અરે! પોતાનેજ આંગણે કાળી મજુરી કરનાર મજુરો પાછળ લાખો ખરચી સાચા સંઘવી બને એમ અમે ઇચ્છીયે છીયે.

આવા સંઘો કહાડવા પાછળ સમાજના ખરચાતા લાખો રૂપીયાથી લાભના બદલે અમે તો નુકશાનજ જોઇએ છીએ. આ સંઘોથી અણુજ વર્ગ બે ચાર માસ માટે જૈન સમાજની બોલબાલા બોલે છે જ્યારે સમજુ વર્ગ હાંસી કરે છે. છતાં સમાજનો અમુક વર્ગ એક ધનીકની પાછળ લાગવગથી, લાગણીથી, ગાડરીયા પ્રવાહમાં ઘસડાઇ સમાજમાં ખોટો દાખલો બેસાડી, સમાજ ઉન્નતિના કાર્યમાં આડકતરી રીતે ફટકો મારે છે. આથી દરેક વિચારક જૈન ભાઇબ્હેનોને અમારી અપીલ છે કે તેઓ હાલના જમાનામાં નીકળતા સંઘો અંગે જબ્બર આંદોલન આદરે અને સમાજ માનસને કેળવે. જો સમાજ માનસ તૈયાર થશે અને સાથ નહિ આપે તો એ ધનીકો આવા બીનજરૂરી માર્ગે નાણું નહિ ખરચતાં જરૂરી માર્ગેજ નાણાં ખરચશે.

આ સાથે ગામેગામના નવજુવાનોને પણ અમે અરજ કરવાની અમારી ફરજ સમજીએ છીએ કે એમના ગામે સંઘ આવે તો 'આ જાતના સંઘો હવે નહિ કઢાવા જોઇએ, એમ એમનું વલણ સ્પષ્ટ કરી બતાવે. વિરોધના નમ્ર પ્રદર્શનથી એ પ્રકારનું વલણ સ્પષ્ટ થઇ શકે.

માકુભાઇને સુઝયું હોત તો એટલી રકમમાંથી એક જૈન યુનિવર્સિટી આસાનીથી ઉભી કરી શકાઇ હોત.

# જૈન મહામંડળ—સુકાન સાચવશે?

કોઇ સુભગ ઘડીએ રામવિજયાદિ સાધુઓને ચેલાઓની ચેલછા લાગી, સમાજના સુંદર જુવાનો બીછાવેલી ધર્મજાળમાં સપડાઇ ગૃહ, પત્નિ, પિતા ને પુત્રો ત્યાગી ભાગી નિકળવા માંડ્યા. અરેરાટ, સમભાવ સૌના દિલમાં પ્રગટી નિકળ્યો. સુતેલા સમાજમાં ચેતન આવ્યું. એ ચેતનાની ચિણગારીઓ, તે ગામે ગામના જૈન યુવક સંઘો.

ન્હાન ન્હાની દિવડીઓ નિજ નિજના કોડીયામાં ચમક્યા કરે એના કરતાં એ સૌ એકત્ર બની, જ્યોત બળી, સામટો પ્રકાશ પાડે, શક્ય ત્હેટલો સામાજીક અંધકાર વિદારે એ દ્રષ્ટિએ છુટા જવાયા યુવક સંઘો આજથી બરાબર પંદર માસ પૂર્વે "જૈન યુવક મહામંડળ" સ્વરૂપે એકત્ર થયા.

યુવક સંઘોના ઉત્પાદનનું કારણ હતું તે 'બાળદિક્ષા' ની જાળના તાંતણે તાંતણા તો વીંખી નાખ્યા સર સયાજીરાવે, વડોદરા સ્વસ્થાનમાં કાનુન કરીને. એટલે જ્હે એક માર્ગે પ્રવૃત્તિ હતી તે હવે અન્ય માર્ગોએ પણ કરવાની રહી.

જાગતા જુવાનોએ સમાજમાં પડેલાં અજ્ઞાન ને અંધકાર ને વિકાસ વિરોધક રૂઢી પૂજન તરફ હવે એમનાં નિશાન તાકવાં જોઇશે.

આને અંગે ગઇ યુવક પરિષદે આજની કાર્યદિશા ઠરાવો કરીને રજુ કરી છે. મહામંડળે એ ઠરાવો અપનાવ્યા છે અને એને અંગે વિચારણા પણ શરૂ કરી દીધી છે એ આનંદ જનક વાત છે.

હવામાં, વાતાવરણમાં, વિચારણામાં કે કલ્પના પ્રદેશમાં એ ઠરાવો ન રહે અને વ્યવસ્થિત રીતે અમલમાં મૂકાય એ સારૂ મહામંડળે એટલે કે એની કાર્યવાહક સમીતિએ પૂરતા પ્રયાસો કરવા જોઇશે.

સ્ત્રીઓના વારસા હક્ક અંગે, જૈન સાધુઓના પુસ્તક પરિગ્રહ અંગે, વધારે પડતા નવા જીનમંદિરો અંગે, ગુરૂમંદિરો અને ગુરૂપ્રતિમા અંગેના ઠરાવોની દિશામાં તો હાલ તુરત લોકમાનસ કેળવવા પૂરતા પ્રચાર સિવાય બીજું કૈં રચનાત્મક રીતે કરી શકાય તેમ નથી.

એ સિવાય કેટલાક ઠરાવો તો અભિપ્રાય દર્શક છે અને કેટલાક વિષે આપણે સૌ એક સૂરે સહમત ન થઇ શકીએ એવા છે.

એટલે જ્હેને વિષે સત્વર કાર્ય થઇ શકે ત્હેવા ઠરાવો તો છે દેવ દ્રવ્ય, જમણવાર, કન્યા લેવડ-દેવડ, સામાજીક પ્રતિજ્ઞા અને હાનીકારક પ્રથાઓના.

દેવ દ્રવ્ય અંગે ગામેગામમાં ત્હાં ત્હાંના યુવકસંઘોએ આપણા ઠરાવ પ્રમાણે ઉપયોગ કરાવવા મક્કમ હાથે પ્રયાસો કરવા જોઇએ. અને જ્હાં સુધી એ દ્રવ્યનો એમ ઉપયોગ ના થાય ત્હાં લગી મંદિરોમાં દ્રવ્ય નહિ મૂકવાનો નિર્ધાર કરવો અને કરાવવો ઘટે છે. બુદ્ધિપુરઃસર સમજાવવામાં આવે તો ભાગ્યેજ કોઇને આપણા એ ઠરાવ વિષે કાંઇ કહેવાનું રહે.

જમણવાર, સામાજીક પ્રતિજ્ઞા, અને હાનિકારક પ્રથાઓના ઠરાવો અંગે ખાસ કહેવાનું રહેતું નથી. ચેતનાવંતી દરેક યુવકની એ તો પ્રતિજ્ઞાજ હોવી જોઇએ. જ્હે એટલુંય ન કરી શકે તે યુવાનીને કલંકરૂપ ગણાય—એવાં મંડળો હોય ન હોય એમાં લાભહાની નથી. એકેએક યુવકસંઘનો એકેએક સભ્ય એટલી પ્રતિજ્ઞાથી વિમુક્ત ન હોઇ શકે—ન હોવો જોઇએ. અને એમ સૌ પ્રતિજ્ઞાબદ્ધ હોય તો એમની ચોપાસના વાતાવરણમાંથી આ અનર્થકારી પ્રણાલિકાઓ નાબુદ કરતાં વાર લાગશે નહિ.

હવે રહે છે કન્યા લેવડદેવડનો ઠરાવ. કન્યા લેવડદેવડ એ શબ્દપ્રયોગજ શરમજનક છે. કન્યા એ દ્રવ્ય નથી. એની લેવડદેવડના પ્રશ્ન છણવા પડે એ આપણું દુર્ભાગ્ય છે. કુમારની લેવડદેવડનો જ્હેમ આપણે વિચાર કરતા નથી ત્હેમ કુમારિકાની લેવડદેવડનો અણુકગત વિચાર કરવાની હવે પછીના યુગમાં કાંઇ જરૂર રહેશે નહિ.

પણ હાલ તુરત જૈન જનતાને જકડી રહેલા સામાજીક બંધનોનાં મુળીયાંનું કેન્દ્ર કુમારીકાઓના પ્રશ્નપર. લગ્નનો પ્રશ્ન વાડાબંધીનો ઉત્પાદક છે; વિશાળતાને બદલે સંકુચિતતા આપણામાં એજ પ્રશ્ન પાછળ પ્રવેશી છે. એટલે આજે તો એનો ઉકેલ કરવોજ રહ્યો છે.

એ ઠરાવને અંગે ડા. અમીચંદ શાહે એક યોજના ઘડી છે. અમે એ સંભાળપૂર્વક જોઇ ગયા છીએ. એમાં ખુબ સુધારાવધારાને અવકાશ છે. પણ એક વાર એ યોજના સુધારી વધારી અસ્તિત્વમાં લાવવાનો પ્રયોગ કરવો જોઇએ એમ અમે માનીએ છીએ. અલબત્ત પ્રયોગશાળામાં કરેલા તમામ પ્રયોગો સફળ થવાજ જોઇએ એમ અમે માનતા નથી; પણ ન્હાના ન્હાના એવા કેટલાક પ્રયોગો ઉપરજ આવતી કાલના સફળ પ્રયોગો રચાયા હોય છે એ સત્ય દ્રષ્ટિ સમક્ષ રાખીને ડા. અમીચંદની યોજના અજમાવવી જોઇએ.

કુવામાંથી જળ સીંચી ખેડુત નીકો વાટે પ્રસારે છે, અને બીયાં વાવેલી જમીન લીલમલીલી બની રહે છે. મહામંડળે પ્રેરણાનો કુપ બની યુવકસંઘની એની નિકોદ્વારા જૈન સમાજને નવપલ્લવિત કરવાનો છે.

રામવિજયના હાથ હવે હેઠા પડ્યા છે એ સાથેજ આવેલી જાગૃતિ હેઠી ન પડે એ મહામંડળે સંભાળવાનું છે, નહિ તો જાગૃતિનાં ઓસરેલાં પૂર પુનઃ આવતાં વર્ષો વિતશે.

મહામંડળ જૈન સમાજનું સુકાન સાચવશે? અમે એનો સ્પષ્ટ ને સીધો જવાબ માગીએ છીએ. મહામંડળની આગામી સભા એનો જવાબ આપે એમ અમે ઇચ્છીએ છીએ.

# શ્રી. પ્રભાવતી-નાથાલાલ લગ્નમિમાંસા:— સમાજ—રચના આદર્શ અને યુવાન માનસ

ડાહ્યાભાઇ વી. મહેતા.

( ગતાંક પાને ૨૧૨ થી ચાલુ )

કોઇ એમ ન સમજે કે પ્રચાર કાર્ય કરનાર સ્ત્રી-જીવન કફોડી હાલત સમજનારા હશે, એઓ આવા લગ્નોને ધીક્કારી કાઢનારા હશે, એમને એક ઉપર બીજી પત્ની માન્ય નહી હોય, અને આદર્શ ભાવનાવાળાઓ સમાજના સાચા સુધારકો હશે. એમને સ્ત્રી જાતીને થતા અન્યાયો માટે હાડોહાડ લાગી આવતું હશે એવા હશે. એઓ સમાજના સાચા આશ્રય સ્થાનરૂપ હશે. અંગત દ્વેષથી પ્રેરાયેલાનુંજ એ પ્રચારકાર્ય હતું; એમાં કોઇ હતા, અર્ધદગ્ધ જ્ઞાન વિહીન યુવાનો, કેટલાક હતા કુમળી નાનકડી બાળાઓનાં જીવનને ખુંદીનેપણ વૃદ્ધ વયે પરણનારાઓ, કેટલાક હતા હાજી હા કરનારાઓ, કેટલાક હતા શ્રી નાથાલાલના ધંધાદારી હરીફોના આશ્રીતો. આખાએ પ્રકરણ 'પાછળ અંગત સ્વાર્થ', લોલુપતા સિવાય કશુંજ નજરે દિસે તેવું હતું નહી.

દુઃખની વાતતો એ છે કે સમાજના સાચા યુવાનોએ એમાં પરોક્ષ રીતે સહાય કરી જ્ઞાતિનાં બંધનોને કઠીન બનાવવામાં સાથ આપી પ્રગતિને પીછેહઠ કરાવી. સમય એવો છે કે જ્યારે જ્ઞાતિનું એક એક દુષ્ટ બંધન ઉડાવી દઇ રીબાઇ જતાં, સ્ત્રી પુરૂષોને મુક્તિ આપવાની જરૂર છે ત્યારે યુવાનો સમજણ વગર વૃધ્ધો સાથે હાએ હા ભણી જ્ઞાતિનાં સમાજનાં બંધનોને વધારી મુકે છે. કાંતો એમની સમાજ વ્યવસ્થાની વ્યાખ્યા અધુરી છે કે કાંતો એમનો સમાજ-આદર્શનો ખ્યાલ ટુંકો છે.

એક વખતે તેઓ આવા એકાદ પુરૂષને જ્ઞાતિબહાર કરવાની સમાજને સુચના કરી સમાજના બંધનને મહત્વ આપે છે, એની કીંમત આંકે છે, અને બીજી પળે જે બંધનમાં એ નથી માનતા તેવા માટે જ્ઞાતિ બહારની શીક્ષાને નમાલી ગણે છે, આજના યુગમાં એની અસર કશીજ નથી એમ પોકાર કરે છે.

એક સમયે યુવક સ્ત્રીપુરૂષની સમાનતાની મોટી મોટી વાતો કરે છે, અને બીજી બાજુ સ્ત્રી-જાતિ ઉપરનાં તમામ બંધનો વધારી મુકવા સીધો સાથ આપે છે. એટલે સમાજના આદર્શને એમણે પુરો વિચાર્યો નથી એ સ્પષ્ટ દેખાય છે.

**સમાજ આદર્શ.**

કુદરતના ખોળે માનવી-સ્ત્રી અને પુરૂષ-જ્યારથી જન્મ લેછે, ત્યારે એને કુદરતના અર્પ્યાં સુખ દુઃખ ભોગવવાનાં હોય છેજ. રોગ, વિયોગ અને મૃત્યુનાં મહાન દુઃખોમાંથી એને પસાર થવું પડે છે. પોતાના મૃત્યુ સુધી કુદરતના આ દુઃખદ તત્વો સામે માનવીને જ્યારે સામનો કરવાની જરૂર પડી ત્યારે એમને અન્યોન્યનો સહકાર સાધ્યો. સ્ત્રી અને પુરૂષ-કુટુંબ, સમાજ-સંઘ વિ. અને ધીમે ધીમે સુખની શોધમાં એમને સમાજની સ્થાપના કરી કે જેથી સૌનાં સુખમાં સૌ ગેલ કરે. રહે, અને કોઇના દુઃખમાં સમાજ આખાનો ભાગ પડે-એટલે દુઃખી જનનું દુઃખ ખુબ હળવું થઇ જાય. આવો સુંદર સમાજ નિભાવવાને માટે લોકો ખુબ ભોગ આપતા, અને સુખમાં રહેતા.

માનવી માત્ર અંગત સ્વાતંત્ર્ય ભોગવતો. શું સ્ત્રી કે શું પુરૂષ કોઇપણ સ્થાને લગ્ન કરી શકતો. એને ધર્મનો કે સમાજનો એથી જરીએ બાધ નહતો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રની કન્યા ગમે ત્યાં સ્વતંત્ર રીતે લગ્ન કરી શકતી.

આવી સુવ્યવસ્થામાં ધર્મની લાગણી અને ધનિકોએ જોર પકડયું, અને અંગત સ્વાર્થ પરાયણ બની એમણે ભલા ભોળાં સામાન્ય મનુષ્યોને સમજાવી નાના નાના સમાજ, વાડા, વાડીઓ, તડ, ધોળ, જ્ઞાતિઓ વધારી મુકી, અને એક એક ધનિક એ વાડાનો સરમુખત્યાર બની બેઠો. એ ધનિકોની હવસ વૃત્તિએ જોર કર્યું અને સ્ત્રીઓના સ્વતંત્ર લગ્ન હક્ક ઉપર તરાપ મારી. એક કરતાં વધુ પરણી શકે માટે સાધારણ પુરૂષોને પણ કન્યા મળે, એ બહાને સ્ત્રીઓને એજ વાડામાં અને ક્રમનેપણ લગ્ન કરવું જોઇએના કાયદા કરી મુકયા; અને ફરી સ્ત્રીઓ માથું ન ઉંચકે એટલે એમની કેળવણી બંધ કરી, આર્થિક સ્વાતંત્ર્ય ઝડપી લઇ પુરૂષ જાત ઉપર પરાવલંબી બનાવી. સ્ત્રીઓના વ્યક્તિ સ્વાતંત્ર્યનો, જ્ઞાનનો, ઉદયનો, અંત આવ્યો.

ત્યારપછી આજ વાતાવરણમાં ઉછરેલા વૃધ્ધો અને આજના યુવાનોને પણ જરીકે તકલીફ વગર કન્યા છુટે હાથે મળવા માંડી. એટલે એમને સમાજની સાચી સ્થીતિને ફરીથી તપાસવાની જરૂર ન લાગી.

એ સમય ફરી લાવવાને આજની તમામ જ્ઞાતિઓનો નાશ થવો ઘટે. સ્ત્રીઓને એમના હક્ક મળવા જોઇએ. એમની કેળવણી પુર જોસથી ખીલી નીકળવી જોઇએ વ્યક્તિ સ્વાતંત્ર્યના હક્ક અજમાવતાં સ્ત્રી અને પુરૂષને જ્ઞાતિ બહારની જંગલી શિક્ષા થાપતો એને યુવાનોએ ખુબ વખોડી કાઢવી જોઇએ. **કુદરતે આપેલાં સગાં-સ્નેહિ-સંબંધી-માતાપિતા-કુટુંબ પરિવારના લોહીના સંબંધોથી કોઇપણ સમાજને મનુષ્યને જુદો પાડવાનો હક નથી. જૈનત્વનું અને માનવતાનું એમાં લીલામ થાય છે.** ભલાભોળા યુવાન બંધુઓ પ્રશ્ન કરે છે કે આપણા સમાજને વ્યવસ્થિત રાખવા માટે પણ કંઇ બંધન તો જોઇએજને? અને આપણી પાસે જે સત્તા એટલે કે આપણા સમાજની કન્યા-(મિલ્કત) આપણે એને ન આપીને એ શિક્ષા કરી શકીએ. એટલે એ યુવકો હજુ સુધી, કન્યાઓના વ્યક્તિ હક્કનો સ્વીકાર નથી કરતા નહીં તો એ રીતે શિક્ષા કરવાનું એમનું દીલ ન થાત. એમનો ડર એટલો સકારણ છે. એ એમ માને છે કે એમ જો કન્યાઓને ગમે ત્યાં પરણી જવાની છુટ મળે તો સમાજ ટકે નહી. (એટલે ગમે તેવા આદમીને પણ કન્યા આપી, બાળકો પેદા કરાવી સમાજ વધવો જોઇએ એ વધે નહી).

આ પણ એમની ભ્રમણા છે. દરેક સમાજમાં આજે કેટલાએ સારા યુવકો છે. કેટલાએ સારા માણસો છે કે જે ધન વગર એમના સમાજની કન્યાનો લાભ કે ગેર લાભ-પણ નથી મેળવી શકતા. જ્ઞાતિ બહાર કન્યા ન જાય, તો પણ તેમને માટે આ રીતે પણ સ્ત્રી મેળવવાની તક નથીજ.

શ્રી નાથાલાલ પ્રભાવતી લગ્ન જેવા કેસમાં શ્રી જસુદ બહેનને ખમવું પડયું છે. માટે એમની તરફ હમદર્દી પુરતી પણ જ્ઞાતિ બહારની શીક્ષા ફરમાવવામાં યુવકોનો સાથ હોવોજ જોઇએને?

અનુ. . . . . . . પા. ૨૨૩.

# એ દુકાનદારી બંધ કરો.

હિન્દુ જાતીમાં પણ એજ અરસામાં એટલે વિક્રમ સંવતના છઠ્ઠા સૈકાથી મૂર્તિવાદની શરૂઆત થઇ. તે પછીના બે ત્રણ સૈકામાં મૂર્તિ અને મંદિરોને જંગલો ને પર્વતોપરથી શહેર અને ગામડામાં દાખલ કરવામાં આવ્યાં. સાથે માનવીઓનું દરેક લક્ષ મૂર્તિ અને મંદિરો પાછળજ ખેંચાય તેવી અનેક તરકીબો રચવામાં આવી તેની મીલકતના હાથમી રક્ષણ માટે શાસ્ત્રના નામે અનેક કલમો ઘડવામાં આવી. જેનો પરિણામે મૂર્તિવાદ એક વડવૃક્ષની પેઠે ફૂલ્યો અને ફાલ્યો.

વડવૃક્ષની પેઠે ફૂલ્યા ફાલ્યા મૂર્તિવાદને લગારે અસલ્લ પહોંચાડવા માગતાજ નથી. એ અરિહંત દેવની મૂર્તિને આત્મકલ્યાણની સાધના માટે—પ્રથમ જરૂરી માનીયે છીયે—સ્વિકારીયે છીયે અંતરના ઉમળકાથી મસ્તક નમાવીયે છીયે ને આરાધના કરીયે છીયે. એનો ઉપયોગ આત્મકલ્યાણ અર્થે—જગતના કલ્યાણ અર્થે થવો જોઇએ, ત્યારે અત્યારે એ અરીહંત દેવની મૂર્તિનો ઉપયોગ ધન ભેગું કરી પ્રભુના નામે પેઢીઓ ચલાવવામાં થઇ રહ્યો છે. એ દુકાનદારી સામે અમારો વાંધો છે. એ દુકાનદારીને શાસ્ત્રોમાં કોઇ સ્થળે સ્થાન નથી. અરે! મૂળ શાસ્ત્રોમાં મૂર્તિ કે મંદિર માટે એક શબ્દ નથી પછી મૂર્તિ ને મંદિર માટે કલ્પની વાતજ ક્યાં રહી. છતાં મૂળ શાસ્ત્રોમાં કોઇ ઠેકાણે હોય તો પંડીત બેચરદાસ જેવા સમર્થ વિદ્વાન તેમના "જૈન સાહીત્યમાં વિકાર વિકાસ" નામના પુસ્તકમાં પાને ૧૨૭ મે લખે છે કે "હું હિંમતપૂર્વક કરી શકુ છઉં કે મેં સાધુઓ તેમ શ્રાવકો માટે દેવ-દર્શન કે દેવ પૂજનનું વિધાન કોઇ અંગ સૂત્રોમાં જોયું નથી–વાંચ્યુ નથી. એટલુંજ નહિ પણ ભગવતી સૂત્રોમાં કેટલાક શ્રાવક વિગેરેની કથાઓ આવે છે. તેમાં તેઓની ચર્ચાની પણ નોંધ છે. પરંતુ તેમાં એક પણ શબ્દ એવો જણાતો નથી કે ઉપરથી આપણે આપણી ઉભી કરેલી દેવ પૂજનની અને તદાશ્રિત્ત દેવદ્રવ્યની માન્યતાને ટકાવી શકીએ.

આ ચેલેન્જ પંડીતશ્રીએ વર્ષોથી ફેંકી છે. જૈન સાધુ સમાજમાં આગમ ઉધ્ધારકો. કલીકાળ કીરીટો, શકલ શાસ્ત્ર ગામીઓ, પ્રખર વકતાઓ, વિગેરે વિગેરે અનેક બિરૂદધારીઓ પડયા છે. પંડીતાઇનો ઘમંડ કરે છે, છતાં પંડીત બેચરદાસને મૂળ શાસ્ત્રોના આધારે એકપણ જવાબ આપવાને શક્તિશાળી થયા નથી. પણ ગાળગલીચ ને ધાકધમકી આપીને વધુમાં નરકનો પરવાનો ફાડીને શાન્ત રહ્યાં છે. એ દલીલનો અભાવ નહિ તો બીજુ શું?

આ ઉપરથી આપણે કબુલ કરવું પડશે કે આજના આપણા મંદિરોમાં ચાલતી દુકાનદારીને સ્થાન નથી પણ ઉભી કરેલી પ્રથા–રૂઢી છે. એ પ્રથાએ એવી સ્થિતિ ઉભી કરી છે કે આપણાં જૈન મંદિરો ત્યાગ અને વૈરાગ્યના સ્થાને કોઇ રાજાશાહી ને મુડીશાહીના દર્શન કરાવે છે. આ પવિત્ર સ્થળની આ સ્થિતિ હોય?

પચ્ચીસો વર્ષ પર થયેલ ભગવાન બુધ્ધ ને ભગવાન વર્ધમાન સ્વામીના ચરિત્રનો અભ્યાસ કરતાં તટસ્થ બુદ્ધિથી એમ કબુલ કરવું પડશે. કે ભગવાન વર્ધમાન (શ્રી મહાવીર) નો ત્યાગ, વૈરાગ્ય, ને અહિંસા ઉંચ કોટીના હતાં, એમના ત્યાગે ને વૈરાગે. જગતને મુગ્ધ કર્યું હતું. એમના ત્યાગને વૈરાગ્ય, જીવમાત્રનું કલ્યાણ કરવાની તમન્ના, ને મનુષ્યમાત્રને સરખા હકની ઉદ્‌ઘોષણા કરનાર એ સર્વોત્તમ પુરૂષનું ચરિત્ર વાંચતાં જૈન તો શું પણ જૈનેતરનું મસ્તક નમે ત્યારે એના વર્તમાન મંદિરોમાં એ મહાપુરૂષના સિધ્ધાન્તોનું પાલન થાય છે? જે સ્થળો આત્મકલ્યાણ સાધવાના સાધનો છે. એ જગત ઉપકારી મહાપુરૂષના દર્શને જવાનો સૌને અધિકાર છે. એ મંદિરોની વિપરીત દશા જોઇ કયા જૈનના અંતરમાં દુઃખ નહિ થતુ હોય?

એ મહાપુરૂષે દેખાડેલા રસ્તે પહોંચવામાં જેટલી મજલ કપાય તેટલું ઉતમ છે. પરંતુ નબળાઇના લીધે કદાચ તે મજલ ન કપાય તો પરવા નહિ. કોકદિ શક્તિ આવશે, પરંતુ ભગવાને દાખવેલા ત્યાગ ને વૈરાગ્યથી ઉલ્ટી દિશાએ જઇ, એમનેજ નિમિત બનાવી એમનાજ ધામમાં, એમનીજ હાજરીમાં દુકાનદારી ચાલે. એ ત્યાગની મશ્કરી કરવા જેવું નથી?

જગતમાં જ્યારે વર્ણાશ્રમથી નીચ ઉંચના ભેદભાવે ભયંકર રૂપ લીધું ત્યારે તેને મીટાવવા એ મહાપુરૂષે અનેક દુઃખો સહન કરીને સર્વને સરખા હકની ઉદ્‌ઘોષણા કરી અમલમાં મૂકી. એ પ્રભુ મહાવીરના મંદિરે ચોકી ને પાટીયાં એમના મહાપ્રયાસની મજાક કરવા જેવું નથી?

જે વિતરાગને મ્હારા તારા જેવું કશુંએ નહોતું. ને નથી. તેના ભકતો આ મૂર્તિ મ્હારી ને ત્હારીની તકરાર ખાતર પરદેશ સુધી એટલે લંડન સુધી દોડી જઇ, કોર્ટ દરબાર ચઢી લાખોના પાણી કરે છે? ના, એ મૂર્તિની તકરાર માટે નહિ. મંદિરની તકરાર માટે નહિ, ડુંગરની તકરાર માટે નહિ, ધર્મશાળાની તકરાર માટે નહિ, અને કદાચ હોય તો એ તો નિમિત છે. બાકી સાચી તકરાર તો જે વીતરાગે પીળી માટીને પત જાણી ફગાવી દીધી તેજ પીળી માટીનો ભગવાનના નામે સંગ્રહ થયો એટલે આ ઝઘડાખોરી ઉભી થઇ અને લાખોના ધુમાડા થવા લાગ્યા. આમાંથી સમાજને ઉગારી લેવી હોય તો જે મંદિરમાં પીળી માટી પડી છે, તેને જીર્ણોદ્ધારમાં, દેશહિતમાં, પરોપકાર અર્થે ખરચી નાખો, દુકાન-દારી બંધ કરો, પહેડીઓ વિખેરી નાખો, ચોકીદારોને રજા આપો, ભગવાનની મૂર્તિઓને તાળાકુંચીમાંથી છુટી કરો. પાટીયાં ઉતારી નાખો, એટલે એ ઝઘડાખોરી એની મેળે બંધ થશે. સમાજનું નાણું સમાજના હાથમાં રહેશે અને સમાજ ઉપયોગી ખાતાં આપમેળે ઉભાં થશે. એક બે દશકામાં સમાજની સુરત બદલાઇ જશે. એને કોઇના મ્હોં સામું વકાસીને જોવાનો પ્રસંગ નહિ આવે.

એ મંદિરો અને મૂર્તિઓ અંગે ચાલતી દુકાનદારીથી દરદાગીના, જરઝવેરાત, પૂજાઓ, જમણવારો, વરઘોડા, ઇત્યાદિ અનેક બ્હાને પ્રભુના ઉપદેશની ઉપરવટ થઇને વાહવાહની ખાતર, બોલબાલાની ખાતર લાખો ખરચાય છે, સંગ્રહ થાય છે. એ અંગે સાફ સાફ સાચી વાતો કહેતાં જુના ગાંલે દેવાયેલા, નવાના નામે ભડકતા રૂઢીચુસ્તો જેમ આવે તેમ વરાળ કહાડશે, અનેક પ્રકારનાં ઉંઠાં ભણાવશે. છતાં તેની લગારે પરવા કર્યા સિવાય એ દુકાનદારી બંધ કરાવવા વિતરાગના સાચા ભકતોએ પ્રયાસ ચાલુજ રાખવોજ છુટકો.

# જો પ્રભુને વાચા હોત તો.

તંત્રીશ્રી 'જન્મભુમી',

સાહેબ, અમદાવાદના અતી ધનવાન શેઠીયાઓમાંના એક શ્રીમાન માકુભાઇ શેઠ અપુર્વ સંઘ કાઢી જૈન જનતામાં અજોડ દાખલો બેસાડવાના છે એવું તા. ૮-૧૨-૩૪ ના આપના જન્મભુમીમાં વાંચ્યું. લાખો રૂપીઆની રકમ એમાં ખરચી એવો અંદાજ છે. આટલી મોટી રકમ ખરચી નાંખવાની છાતી ચલાવનારને અભીનંદન તો જરૂર મળવાં જોઇયે, તે સાથે એનાથી સીદ્ધ થનારી વસ્તુનું મુલ્ય આંકતા કેવી તુચ્છ લાલસા પાછળ તેઓ પૈસાની બરબાદી કરનાર છે એનો વિચાર પણ કમકમા ઉપજાવે છે. પૈસા પેદા કરવા શું કરવું પડે છે એનો એમને ક્યાં અનુભવ નથી? તેઓ પોતે એક મોટા મીલ-માલેક છે. કંઇ નહી તોયે પંદરસોથી બે હજાર માનવી-ઓની મારફતે તેઓ કમાણી કરે છે. આજની વેપારની મંદીના વખતમાં સખત હરી-ફાઇના જમાનામાં નફો કરવો સહેલો નથી. દીનભર લોહીનું પાણી કરી પરસેવે ભીંજાનાર પોતાના મીલમજુરોની માંડ પુરું કરતી રોજીમાંથીયે નફો કરવા કાપ મુકી તેમની હાય-વરાળો લેવી પડે છે. ચાર જણનું કામ ત્રણથી અથવા બેથી ચલાવવાનાં શાહી ફરમાનો કાઢી માણુસ ઓછાજ નીચો-વવી પડે છે. આ અને એવાં કેટલાંયે હૃદય ધ્રુજી ઉઠે તેવાં કડક પગલાં પોતાની આવકમાં વધારો કરવા લેવા પડે છે. બે પૈસા પેદા કરવા ઘણીયે વખત 'અહિંસા પરમોધર્મ' અને જીવદયાને જૈન ધર્મનો મહાન અને મુખ્ય સીદ્ધાંત વેગળો મુકી કામ કરવું પડે છે.

આવી રીતે ઉપાર્જીત કરેલું ધન મહાવીરના સાચા જીવતા જાગતા બાળકો, શ્રમજીવીઓ—મજુરી કરી પેટ ભરનાર માનવીઓને—રાહત આપવામાં તેમની દુર્દશા ટાળવાના ઉપાયે લેવામાં ખરચવાને બદલે સંઘપતીની મહાન પદવી મેળવવા પાછળ ગણ્યા ગાંઠ્યા દીવસોમાંજ ખાપરી નાંખવા તૈયાર થવું એ ઇચ્છવાયોગ્ય ગણાશે ખરૂં? દેવોને નામે લખલુટ ખર્ચ આજ સુધીમાં થઇ ગયા છે; હિંદુસ્તાનને અને તેની પ્રજાને હવે એમાં એથી વીશેષ ખર્ચ કરવો પાલવે એમ નથી; અત્યારે છે તેટલા દેવમંદીરો અને પ્રભુજીઓને માટે છે તેટલાં આભુષણો ઓછાં નથી. પ્રભુની મુર્તીની બાહ્ય શોભા વધારવાને બદલે એના ભવ્ય આદેશ પ્રમાણે તેમના પગલે ચાલવાની અને એ રીતે ચાલતાં આવે તે ફના-ગીરી સ્વીકારીને ચાલવાના દૃઢ સંકલ્પવાળું જીવન જીવવું જોઇએ. અને એજ ખરી—જીવનકલ્યાણ કરનારી સેવા-ભક્તી છે. આવો પરમ સેવાનો માર્ગ તજી પેદા કરેલી પુંજી-માંથી નકલો ભાગ—પાર્થીવ વસ્તુ—પ્રભુજીને નામે ખેરાત કરવા નીકળનાર માકુભાઇ શેઠ? આપનો પ્રભુ એ કેવા પ્રેમભાવથી સ્વીકાર કરશે?

પ્રભુને વાચા હોત તો જરૂર કહેત કે 'બાપુ મારે નામે જગતમાં નામના કરવા ખાતર લાખોનું આંધણ મુક-વાને બદલે તારે આશરે જીવતા તારા બાળુડાં સામા સેરડો એનો લાભ આપ. એમનાં જીવનસુધાર માટે એનો ઉપ-યોગ કર. દેશનાં સેંકડો નીરા-ધાર નામાં ભુખ્યા ભીખી મરે છે તેમનું દુઃખ ઓછું કરવામાં નીમીત્તરૂપ થા. સંઘમાં આવ-નાર બધાયે ગરીબ નહી હોય. ધારીશ તો એટલાને એકાદ લાખ રૂપીયાના વ્યાજમાંથી પ્રતીવર્ષે પાલીતાણાની મારી પ્રતીમાની યાત્રા કરાવી શકીશ. બાકીની રકમના વ્યાજમાંથી તારા મીલમજુરો, તારા નોકર ચાકરોને બોનસ કે મજુરીનો વધારો આપીને આનંદ કરાવી આશીર્વાદ મેળવી શકીશ. બીજાને નહી તો તારી પોતાની કોમના મદદની જરૂરવાળા માણસોની ભીડ ભાંગી શકીશ. ગમે તેવું પણ એકાદ કાયમી સ્મારક—સદાવ્રત બાંધી શકીશ."

અનુ. . . . . . . પા. ૨૨૩

## લીલવણી–સુકવણી.

લીલવણી–સુકવણીના સંબંધમાં જૈનોમાં અવિવેક પ્રવર્તતો હોય તેમ જણાય છે. સાધારણ રીતે એવી માન્યતા પ્રચલિત છે કે તિથિએ લીલવણી ખાવામાં દોષ, પણ તેને સુકવીને ખાવામાં દોષ નહિ. પણ આ માન્યતા બહું ગેરસમજ વાળી છે. લીલોતરી ખાવામાં જો દોષ હોય તો તેને સુકવીને ખાવાથી દોષ ક્યાં ઉડી જવાનો હતો? આ તો સાદી અક્કલનો માણુસ પણ સમજી શકે તેવું છે. આઠમ ચૌદશ આદિ તિથિઓએ લીલોતરી ન ખવાય માટે તેને સુકવી ભરી રાખો, એટલે તિથિએ ખાઇ શકાશે—આવી ભાવના કેટલી બેહુદી છે. તિથિએ લીલોતરી ખાનારને દોષ લાગે અને તેની સુકવણી ખાનારને વાંધો નહિ આવું જો કોઇ માનતા હોય તેણે પોતાનો એ ભ્રમ કાઢી નાખવો જોઇએ. લીલવણીની રસવૃત્તિ પોષવાનો પ્રયત્ન કરાય છે આમાં ક્યાં રહી અહિંસા અને ક્યાં રહ્યો સ્વાદસંયમ જો તિથિએ લીલોતરી ત્યાજ્ય હોય તો એથી ચાર વધારે ત્યાજ્ય ઠરે છે એ સમજી રાખવું જોઇએ. એક વ્યક્તિ એ છે કે, ખપ પુરતી તાજી લીલોતરી લાવી, આરોગીને પતાવી દે છે અને બીજી વ્યક્તિ એ છે કે, લીલોતરી લાવી, સુકવી, ભરી રાખે છે અને જીવ-જન્તુઓનું "અધિકરણ શસ્ત્ર" બનાવે છે. કહો? આ બેમાં વધારે આરંભી અને સંગ્રહશીલ કોણ? આમ, લીલોતરીની મોહ-મૂર્છા પોષવા સારુ સુકવણી ભરી રાખી તિથિએ આરોગવામાં પોતાને લીલોતરીના ત્યાગી અને દયાધર્મી કહેવડાવવા બહાર પડવું એતો નરી અજ્ઞાન-દશાજ છે. એક માણુસ રોજ ખપપુરતી પાશેર લીલવણી લાવી આરોગે છે ત્યારે તેને એક મહીનામાં સાડી સાત શેર લીલોતરીની વિરાધના થાય છે; અને બીજો જે સુકવણીનો પુજારી છે, તેને પણ રોજ એટલુંજ થાક જોઇએ છે. એટલે તો એક મહીનામાં સાડી સાત શેર સુકવણી આરોગવા માટે એથી ત્રણ ચાર ગણી વધારે લીલોતરીનો ઉપયોગ કરવો પડે છે. કહો, આ બન્નેમાં વધારે વિરાધક કોણ બને છે? લીલોતરી ખાનાર કે સુકવણી ખાનાર? ખુલ્લું છે કે લીલોતરી ખાનારના કરતાં સુકવણી ખાનારજ વધારે વિરાધક થાય છે.

શ્રી ન્યાયવિજયજી.

# અ.......વ.......ન.......વા.

## દીક્ષાની વેદીપર

## એક બહેનનું બળીદાન.

મોરબી કાઠીયાવાડની અંદર ૭ સાત વર્ષપર બ્હેન જયા લગ્ન કરી કુંકુમ પગલે શ્વસુર આવી ત્યારથી એના અંતરને એક કીડો કોરી ખાતો. 'મ્હારા પતિદેવને દીક્ષા લેવાના કોડ છે,' છતાં મન મનાવતી અને ઘરસંસાર ચલાવતાં ત્રણ બાળકોની માતા થઇ, છતાં પતિદેવ તો દીક્ષાની ભાવનામાં મસ્ત હતા, લોક અનેક વાત ઉડાડતુ છતાં દૃઢ મને જયા સૌ વાતના ઘુંટડા ગળતી અને મન મનાવતી કે આ ત્રણ ત્રણ ફુલ જેવાં બાળકોને ત્રણ ન્હાના દીયરને રઝળતાં મુકી નહિ ચાલ્યા જાય. એટલી વાવડ આવ્યા કે કોઇ મુર્ખ સાધુએ પત્નિની સંમતિ સિવાય એના પતિને ચોથા વરતની બાધા આપી ને પતિદેવે લીધી. આ સમાચારથી જયાના અંતરમાં ઉકળાટ થયો. અનેક તર્કવિતર્કો થયા. જરૂર દીક્ષા લેશે અને અમે રઝળી પડીશું—

આખરે એ સુકુમાર નવજીવના જયાબ્હેન પોતાના સુકોમળ શરીરને ઘાસલેટ છાંટીને દીક્ષાના ખપ્પરમાં તા. ૨૫-૧૧-૩૪ના રોજ બલીદાન આપી આ સંસાર છોડી ચાલી ગયાં.

દીક્ષા આપનારાઓના કપાળે ચોંટતાં કલંકોમાંનું આ એક ભયંકર કલંક છે.

**આચાર્ય બનશે!**

રાધનપુરમાં રામવિજયને 'આચાર્ય' પદવી આપવાના ભણકાર સંભળાય છે. રાધનપુરી યુવાનો સાવધાન

**પુનર્લગ્ન**

કપડવંજના જૈન શાહ. રતીલાલ જેકોરદાસ તેમનીજ જ્ઞાતીના બાઇ ચંદન જેઓ બેવર્ષથી વિધવા થયેલ છે તેમની સાથે તા. ૧૬-૧૨ ૩૪ રવિવારે કપડવંજમાં પુનર્લગ્ન કર્યું છે.

**સખાવત.**

કચ્છ ભારપરમાં આંખની હસ્પીતાલ બાંધવા ત્યાંના રહીશ શેઠ હાજીભાઇ મેઘજીભાઇએ એક લાખની સખાવત કરી કચ્છને આંખની સાર્વજનીક હસ્પીતાલ પૂરી પાડી સાચા સંઘપતિનું બીરૂદ મેળવ્યું છે.

**અયોગ્ય દીક્ષા.**

સગીરો, લાયક નાલાયક જે આવ્યો તેને મુંડી નાખવાનો ધંધો લઇ બેઠેલાનો ધંધો ચોમાસુ ઉતરતાં ખુલ્લો થયો છે એટલે સગીરોને મુંડવામાં જાણીતા શ્રી સાગરાનંદજીએ વડોદરા રાજ્યના બે સગીર બાળકોને વડોદરા રાજ્યમાં આવેલ મહેસાણા પ્રાંતના પાનસર ગામમાં શ્રી મહાવીર સ્વામીના દહેરાસરમાં મુંડી નાખી ધાડપાડુની પેઠે બે બાળકોસહ વડોદરા રાજ્યની હદમાંથી ગચ્છંદી કરી ગયા છે. ચોર ડાકુઓથી પ્રજાને રક્ષવા જેવી રીતે કાયદા છે, તેવીજ રીતે સગીર બાળકોને રક્ષવા મહાસાશજ વડોદરા રાજ્યે એક કાનુન પસાર કર્યો છે. પેપરોમાં આવેલા સમાચાર સત્ય હોય તો સાગરજીએ રાજ્યના કાયદા ઉપર પગ મુકવાનું કૃત્ય કર્યું છે. એટલે વડોદરા રાજ્યના સુધારકો તેમજ પોલીસ ખાતાએ સગીરોના રક્ષણ ખાતર આ ધાડપાડુના હાથમાંથી બે બાળકોને બચાવવા યોગ્ય પગલાં લેવાની બનતી ઉતાવળે જરૂર જણાય છે. આ અંગે લાગતા વળગતા યોગ્ય પગલાં લેશે?

**નાથાલાલ-પ્રભાવતી લગ્નમિમાંસા**—અનુ. પા. ૨૨૦ થી

એટલે જો સમાજના એ યુવકો સ્વબળ ઉપર ઝુંઝી, જાતે તૈયાર થઇ જાય તો સમાજનું કલેવર બહુજ સુંદર બને, સમાજ સુદૃઢ બની જાય, અને પોતે વિશાળ થએલા સમાજની એકાદ કન્યાની મૈત્રી જરૂર સાધી શકે. ધન નહી પણ લાયકાતનું ધોરણ પસંદગી પામે અને સમાજ ઉચ્ચ કક્ષાએ પહોંચે.

જે યુવાનોને એ લગ્ન વખતે સ્ત્રીઓની સભા તરફથી એમની સુપારીદી માટે તીણું મેણા મારવામાં આવ્યા હતાં છતાં જેઓ એ પોતાનો વિરોધ બતાવવાની પણ તસ્દી લીધી ન હતી તે યુવકોને શ્રી જાસુદ બહેન તરફની ખોટી-હમારી દયા ખાવાનો કદીજ અધીકાર નથી. જો એમને સાચેજ સ્ત્રી-જીવનના આદર્શ માટે લાગણી હોય તો એમણે સમાજ પાસે દોડી જઇ જ્ઞાતિ બહાર શિક્ષા કરાવવાને કદીજ જરૂર ન હતી, પણ જે હિંદુ-કાયદો સ્ત્રીઓને આટ આટલા અપમાન આપી શકયો છે તે ફેરવવાને માટે-તે કાયદામાં પુરૂષ એક ઉપર બીજી પત્ની ના કરી શકે-તેવી કલમો નાંખવાને પ્રયત્ન કરવાની જરૂર છે. હિંદભરમાં એ ચળવળ ચાલે છે એમાં ટેકો આપવાની જરૂર છે (હમણાંજ એક પારસી ગૃહસ્થને) કાયદાની રૂએ એક ઉપર બીજી કરવાને માટે એકાદ વર્ષની જેટલી સજા થઇ) જ્ઞાતિનાં નાશ થતા બંધનોને ટકાવી રાખવાની કોઇજ જરૂર નથી અને એ યુવકો એમ ન માને કે એમના ઉહાપોહથીજ ફક્ત આ કરવામાં આવ્યું છે એની પાછળ અંગત દ્વેષપ્રેરીત કેટલાક માનવીઓની થોક ધમકીથીજ એ વસ્તુ થઇ છે.

યુવકો જોઇ શકશે કે એ શિક્ષાએ શ્રી જાસુદ બ્હેન અને તેમનાં બાળકોનો શ્રી નાથાલાલ અને પ્રભાવતી સાથે નો સંબંધ દૂર દૂર કરીને પરોક્ષ રીતે ખુબ નુકશાનજ કર્યું છે.

સ્ત્રી અને પુરૂષની સમાનતા સ્વીકારતા યુવાનો સમજે તો જુનવાણી સમાજ કાલે ફરી જશે એ નક્કી છે યુવાનો એ તાકાદ ખીલવવાની છે. સમાજનું તળીયું સાવ ધસાઇ રહ્યું છે તેમના શોષણના ઘર્ષણથી એ ફુટી જવાની રાહ જોઇ રહ્યું છે.

**જો પ્રભુને વાચા હોત તો.**—અનુ. પા. ૨૨૨ થી

પણ આપણા માનેલા પ્રભુજીઓને વાચા નથી. ટુંક બુદ્ધીના અંધશ્રદ્ધાળુ માનવીઓને પ્રભુની ઇચ્છા સમજવાને શકતી નથી, અને આપણે લોકો ગમે તેમ કરી પૈસા પેદા કરી એમાંથી અમુક ભાગ લઇ ઇશ્વરને નામે ખરચી પોતાની જાતને કૃતકૃત્ય માનીએ છીએ. કેટલી ઘેલછા? ઇશ્વરનું આશીર્વ આવી રીતે નહી પણ ઇશ્વર આદેશ અનુસાર ચાલીને— જીવનમાગના સંહારક નહી પણ પોષક બનીને પામી શકાવાનુ છે. શેઠશ્રી માકુભાઇ આ બધું સમજશે? અને મુકવા ધારેલું લાખો રૂપીયાનું આંધણ જેમાંથી ઘણુંજ લોકોપયોગી અને કાયમી સ્મારક કરાવી શકાય તે રોકી રાખે. ઇશ્વર નારાજ નહી થાય.


'અમજીવી.'
જન્મભૂમિમાંથી.

**સમય:**

તા. ૨૭ સવારના નવ વાગે વરકીંગ કમીટીની બેઠક મળશે.

**સમય:**

તા. ૨૭ સવારના દસ વાગેથી જનરલ વાર્ષિક સભાની બેઠક શરૂ થશે.



# શ્રી જૈન યુવક મહામંડળ.

# જનરલ વાર્ષિક સભા.

૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ તા. ૧૨-૧૨-૩૪.

શ્રી. સેક્રેટરી,

સુ૦

સુજ્ઞ બંધુશ્રી,

આપને તા. ૧-૧૨-૩૪ ના કાગળમાં જણાવવા મુજબ મહામંડળની જનરલ વાર્ષિક સભા તા ૨૭-૧૨-૩૪ માગસર વદી ૬ ગુરૂવારે સુરત ખાતે ડૉ. અમીચંદ છગનલાલના આમંત્રણથી બોલાવવામાં આવી છે. તે વખતે નીચે મુજબ કાર્ય રાખવામાં આવ્યું છે.

(૧) ગયા વરસનો ઓડીટ થયેલો આવક જાવકનો હિસાબ અને વર્કીંગ કમિટીએ કરેલા કામકાજનો રિપોર્ટ પાસ કરવા માટે રજુ કરવામાં આવશે.

(૨) નવા વરસ માટે હોદ્દેદારો તથા વર્કીંગ કમિટીની ચુંટણી કરવામાં આવશે તથા ઓડીટરોની નિમણુંક કરવામાં આવશે.

(૩) નવા વરસ માટે કાર્યક્રમ તૈયાર કરી તેના અમલ માટે પ્રચારકાર્યનું પ્રોગ્રામ ઘડી કાઢી તે પ્રચાર કરવામાં આવશે.

(૪) મંત્રીઓ રજુ કરે તે.

આ વખતનું કામ ઘણું અગત્યનું હોઇ મહામંડળની ઉન્નતિ માટે જરૂરનું છે. માટે આપ આપના પ્રતિનિધિને બંધારણ કલમ ૮, અનુસાર ચુંટીને મોકલી આપશોજી.

આપના પ્રતિનિધિના નામો અમોને અત્રે તેમજ સુરત ખાતે ડૉ. અમીચંદ છગનલાલ ઠે૦ ગાર્ડન ફેક્ટરી, રામપુરાને જણાવશો. તથા પ્રતિનિધિ સાહેબ સુરત કઇ ટ્રેનમાં આવશે તે પણ ડૉ. અમીચંદભાઇને તેમના ઠેકાણે જણાવશો. જેથી સ્ટેશન ઉપર યોગ્ય ગોઠવણ તેઓ સાહેબ કરી શકે.

પ્રતિનિધિ ભાઇઓ બધા સાથેજ ઉતરી શકે તેટલા માટે ખપાટીઆ ચકલામાં ચંદાવાડી સામે જીવન નિવાસમાં તેઓ તરફથી ગોઠવણ કરવામાં આવી છે.

શીયાળાની રતુ છે માટે બિછાનું સાથે લાવવા સુચના કરીએ છીએ.

## બંધારણની કલમ ૮, નીચે મુજબ છે.

(૮) પ્રતિનિધી.

(૧) જનરલ સભામાં જોડાયેલ સભ્યો (સંસ્થાઓ) પોતામાંથી નીચે મુજબ પ્રતિનિધિઓ મોકલશે.

(૨) જે સંસ્થામાં સભ્યોની સંખ્યા પચાસની અંદર હશે તેઓ બે, અને પચાસ ઉપરના સભ્યોવાળી સંસ્થા પચાશે બે લેખે વધુ સભ્યો મોકલશે.

(૩) કોઇ પણ સસ્થા પાંચથી વધુ પ્રતિનિધી મોકલી શકશે નહી.

(૪) પ્રતિનિધિ અઢાર વર્ષની ઉમર ઉપરનો હોવો જોઇએ.

આપ આપની સંસ્થાની સભા બોલાવી તુરતમાંજ જવાબ આપશો એવી આશા છે.

લી૦ આપના સેવકો,

જમનાદાસ અમરચંદ ગાંધી

મણીલાલ એમ. શાહ

મા. મંત્રીઓ.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં, ૨૪ મુંબઇ નં. ૨ તરફથી જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.